॥ હરિઃૐ ॥
હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 2 • Issue : 2 • 5th September, 2019 • Price : Rs. 10



## નૂતન વર્ષે
## પૂજ્ય શ્રીમોટાના આશીર્વાદ

(અનુષ્ટુપ)

પુરુષાર્થે તમારા સૌ પ્રભુની સ્‌હાય ઊતરો,
નવા વર્ષે કરું એવી પ્રાર્થના પ્રભુની હું તો.

(શિખરિણી-મંદાક્રાન્તા)

કરો જે તે કાંઈ મનહૃદયના સર્વભાવે કરીને,
પ્રભુને ત્યાં ભાવ મનચિત્તહૃદે ધારતાં રો' સચેતે;
અને એને માટે સઘળું કરવા ઉરે અભ્યાસ રાખો,
પુરુષાર્થે તેવા પ્રભુ તણી કૃપાસ્‌હાય માગ્યાં કરો સૌ,
ખપાવી સૌ દેવા નિજ ખમીરને હાથ લીધેલ કાર્યે,
મથ્યા પૂરું રે'જે નિજ જીવનમાં સર્વ પ્રત્યેક કર્મે;
પ્રભનું દીધેલું પ્રભુમય થવા આપણે ચેતતા રૈ,
રચાવા ભૂમિકા મદદ કરતા ત્યાં રહેજો સદાયે.
પોતાને પ્રીછવા જેઓ ઊંડા અંતર ઊતરે,
થવાનો સુખી એવાંને વારો દી કોક આવશે.

('જીવનપાથેય', આ-૪, પૃ.૫૦,૬૬) — શ્રીમોટા

||હરિઃૐ||

'હું સર્વત્ર વિદ્યમાન છું'
- શ્રીમોટા



||હરિઃૐ||

'મારે સમાજને બેઠો કરવો છે.'
- શ્રીમોટા

**આત્મીય સ્વજનશ્રી,**

ભાદરવા વદ ચોથ એ પૂજ્ય શ્રીમોટાનો ૧૨૨મો અવતરણદિન છે. એ નિમિત્તે પૂજ્ય શ્રીમોટા અને તેમની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં સૌ સ્વજનોનો મિલન સમારંભ યોજવાનો અવસર અમોને પ્રાપ્ત થયો છે. આ ઉત્સવમાં આપને સપરિવાર, મિત્રમંડળ સહિત પધારવા અમારું હૃદયપૂર્વકનું આમંત્રણ છે. જે સહૃદયે સ્વીકારી ઉપકૃત કરશોજી.

**સ્નેહાધીન :**

શ્રીમતી દર્શિનીબહેન જગતભાઈ કૉન્ટ્રાક્ટર
શ્રી જગતભાઈ બંસીભાઈ કૉન્ટ્રાક્ટર

શ્રીમતી પલ્લવીબહેન પંકજભાઈ મિસ્ત્રી
શ્રી પંકજભાઈ જશવંતલાલ મિસ્ત્રી

**ઉત્સવ અને ઉતારાનું સ્થળ :**

શ્રી બી. ડી. રાવ સાંસ્કૃતિક સંકુલ, ભુયંગદેવ ચાર રસ્તા પાસે, ભુયંગદેવ - મેમનગર રોડ, અમદાવાદ - ૫૨.
ફોન : ૦૭૯-૨૭૪૩૯૯૮૦ / ૦૭૯-૨૭૪૧૫૧૭૧

## કાર્યક્રમની રૂપરેખા : તા. : ૨૧-૯-૨૦૧૯, શનિવારે સાંજે

શોભાયાત્રા : સાંજે : ૫:૦૦ વાગ્યે શ્રી વિવેકાનંદ ચોકથી નીકળી ઉત્સવના સ્થળે સાંજે ૬:૦૦ વાગ્યે પહોંચશે. (વિવેકાનંદ ચોક - (મેમનગર-ભુયંગદેવ રોડ ઉપર છે.)

: ૬:૦૦ થી ૭:૩૦ : હરિઃૐ ધૂન
: ૭:૩૦ થી ૮:૦૦ : ભજનો અને સ્વજનો સાથે સત્સંગ
: ૮:૧૫ થી ૯:૦૦ પ્રસાદ (ઉત્સવના સ્થળે)

## ઉત્સવ તા. : ૨૨-૯-૨૦૧૯, રવિવાર

સવારે : ૭:૦૦ થી ૭:૩૦ : અલ્પાહાર
૭:૩૦ થી ૭:૪૫ : સ્વાગત નૃત્ય
૭:૪૫ થી ૮:૦૦ : પ્રાર્થના
૮:૦૦ થી ૯:૦૦ : નામસ્મરણ
૯:૦૦ થી ૧૦ :૦૦ : નિત્ય પ્રાર્થના-ભજન
૧૦:૦૦ થી ૧૦:૪૫ : પ્રવચન
૧૦:૪૫ થી ૧૧:૦૦ : આરતી
૧૧:૦૦ થી ૧૧:૧૫ : આશ્રમનો અહેવાલ અને આભાર વિધિ
૧૧:૧૫ થી ૧૨:૦૦ : ગુરુવંદના અર્પણ વિધિ
૧૨:૦૦ થી ૨:૦૦ : પ્રસાદ

વિજ્ઞપ્તિ: તા. : ૨૧-૯-૨૦૧૯, શનિવારે સાંજે બહારગામથી આવનાર અને ઉતારાના સ્થળે રોકાનાર સ્વજનો તેમના આવવાનો સમય અને સંખ્યા તા. : ૧૭-૯-૨૦૧૯ સુધીમાં **SMS / WhatsApp / Mobile** થી નીચે જણાવેલ નંબર ઉપર જાણ કરવા વિનંતી છે.

શ્રી જગતભાઈ કૉન્ટ્રાક્ટર : ૯૩૨૭૫૬૪૭૦૭
શ્રી પંકજભાઈ મિસ્ત્રી : ૯૩૭૬૦૧૭૫૪૨
શ્રી નીતિનભાઈ રામી : ૯૮૨૫૦૩૮૧૦૧
શ્રી સુરેશભાઈ વોરા : ૯૪૨૭૫૫૪૩૯૧

તા.ક. **AMTS** બસરૂટ કાલુપુરથી : ૫૮, ૬૬, ૬૬/૩, ૬૬/૪, ૬૭, બસમાં ભુયંગદેવ ચાર રસ્તા ઊતરવું.
લાલદરવાજાથી : ૬૧, ૬૫, ૬૫/૨, ૬૫/૩, ૪૦૦, ૫૦૦ **BRTS** માટે : **2-D, 9-D**

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

વર્ષ-૨, અંક-૨ સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૯

## દિલનું દાન

હૈયાથી કરેલ ને ખચકાયા વિના કરેલ સાફ, પૂરું ઠલવાયેલ આત્મનિવેદન અમને ઘણું ઘણું વહાલું લાગે છે. એવો જીવ અમારું સ્વજન થઈ ચૂકેલ છે. એવાને પછી ભલે મળવાનું બને કે ન બને; ભલેને તેવો જીવ પોતાની ઘટમાળમાં અમને ભૂલી ગયો હોય, પરંતુ તે અમારાથી ભુલાઈ શકાતો નથી.

ભાવે અપાયેલાં કે અપાતાં હૈયાં, તે તો જીવવા કાજેનો ખોરાક છે. તેથી આપવું હોય તો હૈયાના પૂરા ઉમળકાથી, પોતાના જીવનવિકાસના હેતુ કાજે, કોઈ પણ જાતની અંદરની કે બહારની (સ્થૂળ, સૂક્ષ્મ કે કારણ) શરત વિના આપજો. જેમાં પારદર્શક ભાવથી છલકાતું હૈયું નથી, તે અમને ખપતું નથી.

જો હૃદયના સાચા ભાવથી 'મોટા' ને યાદ કરશો તો 'મોટા' એ કંઈ માટીનું ખાલી પૂતળું નથી. જેમ સહુ કોઈનામાં ચેતન છે, એમ એમનામાં જાગતું ચેતન છે તેનો તમને અનુભવ થશે. 'મોટા'નો તમને હૃદયથી એકવાર અનુભવ થયો તો તમને ઘણી જ હિંમત આવી જવાની છે, પછી તમે 'મોટા'ને કદી જ છોડી શકવાના નથી.

પ્રભુકૃપાથી, તમને મળેલા સ્થૂળ ઐશ્વર્યનો મારે ખપ નથી. જીવનના આધ્યાત્મિક ઐશ્વર્ય આગળ બીજાં ઐશ્વર્યો ઝાંખા પડી જાય એવાં હોય છે. બધાં સ્વજનોનાં એવાં ઐશ્વર્યવંત જીવન બને એ જ મારે તો જોવું છે. ત્યાં સુધી ભલેને લાખો જન્મ લેવાના આવે, તોય પ્રભુપ્રસાદી જ હશે.

*('જીવનપોકાર' અને 'જીવનપ્રેરણા'માંથી)* *પૂ. શ્રીમોટા*

• વેબસાઈટ-ઈ-મેઈલ •
www.hariomashram.org
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી ગૌતમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ

**લવાજમ દર**

**છૂટક નકલ** : રૂ. ૧૦/-
**વાર્ષિક** : રૂ. ૬૦/-
**પાંચ વર્ષ માટે** : રૂ. ૨૫૦/-
**દસ વર્ષ માટે** : રૂ. ૪૦૦/-

**હરિઃૐ ગુંજન અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે મનીઑર્ડરથી કે ચેક / ડી.ડી. મારફતે આશ્રમના સરનામે મોકલવા વિનંતી.
(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.
૨. હરિઃૐ આશ્રમ, પો.બો.નં. ૭૪, નડિયાદ, પીન કોડ : ૩૮૭૦૦૧. મો. ૭૮૭૮૦૪૬૨૮૮

**• પ્રકાશન સ્થળ •**

૮૯, પાયલ પાર્ક, સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

# હરિઃૐ ગુંજન
**સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૧૯**

**માનદ્‌તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ**

**સંકલન : ડૉ. ચંપકભાઈ ર. મોદી
નડિયાદ.**

- **પમી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

### સાધક-લેખકોને નિમંત્રણ

પૂ. શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિક સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું. અનુકૂળતાએ મુદ્રિત કરવામાં આવશે.

### લખાણ અંગે

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખ લેખકના પોતાના અંગત વિચારો છે.

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | હરિઃૐ આશ્રમ, નડિયાદ : રિપેરિંગ અને નવીનીકરણ | | ૫ |
| ૨. | ભગતમાં ભગવાન | શ્રીમોટા | ૬ |
| ૩. | ભૂતકાળમાં ડોકિયું | શ્રીમતી કાશીબા | ૮ |
| ૪. | શ્રીમોટાનું બાળપણ | સોમાભાઈ ભાવસાર | ૯ |
| ૫. | પૂજ્ય શ્રીમોટાની જીવનઝરમર | શ્રી ઈન્દુકુમાર દેસાઈ | ૧૩ |
| ૬. | અનુભવીની લાક્ષણિકતા : સભાન જન્મ અને સભાન મૃત્યુ | કાર્તિકેય અ. ભટ્ટ | ૧૯ |
| ૭. | પૂજ્ય શ્રીમોટા સાથે વાર્તાલાપ | સંપાદક : રતિલાલ મહેતા | ૨૧ |
| ૮. | પતિ-પત્નીનો દિવ્ય સંબંધ | ગોપાળ | ૨૨ |
| ૯. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૪ |


### પદ્યપ્રસાદી

**ઉત્સાહ, ખંત ઉદ્યોગ લીધેલા કર્મને વિશે-
ઉમંગે કેળવી કર્મે મથે તે હાર્દ મેળવે.
નિશ્ચય, બળ, ઉદ્યોગ, ખંત, ઉત્સાહ, ધારણા-
કેળવી કેળવી ગુણો પામે તે આત્મપ્રેરણા.
સમર્પણ, બલિદાન, ત્યાગ યજ્ઞ પરંપરા-
પામે તે પ્રકટાવીને જીવને શી ઋતંભરા.**

—

**'મન ચંચળ છે' એવું જે તે કોઈ વધ્યા કરે;
કિન્તુ જ્યાં જ્યાં ઊંડો સ્વાર્થ એકાગ્ર મન ત્યાં રહે.
મનનો દોષ જે કાઢે પોતાને જાણતા ન તે;
લગની લાગી ના પાકી એકાગ્ર તેથી રહે ન તે.**

'જીવનગીતા' પૃ. ૩૨,૨૦૩

## ૧. હરિઃૐ આશ્રમ, નડિયાદ : રિપૅરિંગ અને નવીનીકરણ

હરિઃૐ આશ્રમ, સુરતના સ્થાનનું રિપૅરિંગ અને નવીનીકરણ સમયે સમયે થતું રહ્યું છે અને તે કારણે ખૂબ જ સુંદર અને મજબૂત કામ થયું છે. આવી જ જરૂરિયાત ઘણા વખતથી નડિયાદના હરિઃૐ આશ્રમ માટે પણ હતી. ખાસ કરીને કેટલાંક મૌનરૂમ અને મણિકાકાના બ્લૉકની મરામત ખૂબ જ જરૂરી હતી.

આશરે ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૮માં આ બાબતે ટ્રસ્ટીમંડળ અને લાગતાં વળગતાં સ્વજનોની મિટિંગો યોજવામાં આવી. ત્યાર બાદ કયાં કયાં કામો કરાવી લેવા જોઈએ, તેના નિર્ણયો થયા હતા. મુખ્ય હેતુ ખૂબ મજબૂત અને સારું કામ - આશ્રમનો દેખાવ આમાન્યામાં રહીને કરવાનો હતો. જે પાર પાડવા માટે આર્કિટેક્ટ, ઍન્જિનિયરો અને કૉન્ટ્રાક્ટરનો સહયોગ લેવામાં આવ્યો. કયાં કયાં કામો કરવાં તેનો નિર્ણય સત્સંગી સ્વજનો અને ટ્રસ્ટીમંડળ સાથે વિચાર વિનિમય કરીને લેવામાં આવ્યો હતો. ખૂબ જ ઊંચી ગુણવત્તાનો માલસામાન વાપરવામાં આવ્યો. સતત સુપર્‌વિઝન અને મિટિંગો દ્વારા અમલીકરણ અને કામકાજનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું. કોઈ પણ મકાનની જૂની આકૃતિ બદલ્યા વગર નવું કામ અને રંગરોગાન એ રીતે કરવામાં આવ્યું છે કે જેથી આંતરિક સુવિધાઓ વધી છે અને જે તે મકાન બીજાં ૬૦ થી ૭૫ વરસ માટે તૈયાર થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. મૌનરૂમોમાં અને બાથરૂમોની રચનામાં સ્વચ્છતાનો યોગ્ય ખ્યાલ રાખવામાં આવ્યો છે. વડીલોની સલામતી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

બહારથી સુંદર Landscaping કરવામાં આવ્યું છે. નવાં વૃક્ષો રોપ્યાં અને જૂનાં વૃક્ષોની આસપાસ સુંદર ઓટલા કરવામાં આવ્યા છે. આ બાબતે વૃક્ષ અને કુદરતી સૌંદર્યના નિષ્ણાતની સલાહ લેવામાં આવી હતી. સંપૂર્ણ કામ લગભગ ૬ થી ૭ મહિનાના સમયમાં સુંદર રીતે પાર પાડવામાં આવ્યું છે. સારાં અને મજબૂત બારીબારણાં, મજબૂત Flooring અને નયમરમ્ય પણ સાદગીભર્યા રંગો કરવામાં આવ્યા છે. આશ્રમના સેવકોને સેવા આપવામાં સુવિધા થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આશ્રમ અને મણિકાકાના બ્લૉકમાં જેટલું કામ થયું છે તે સમગ્ર રીતે પૂ. શ્રીમોટાની ભાવના અને વિચારો સાથે સંમત થાય તે પ્રકારે કર્યું છે. સાદગીના ભોગે સુવિધા ઊભી કરવામાં આવી નથી. સમગ્ર કામ નડિયાદ આશ્રમના ટ્રસ્ટીમંડળના સાથ, સહકાર અને માર્ગદર્શન હેઠળ થયું છે. કામની યોગ્યતા અને ગુણવત્તા બાબતે સુદર આશ્રમના ટ્રસ્ટીમંડળનું માર્ગદર્શન મહત્ત્વનું રહ્યું.

પૂજ્ય શ્રીમોટાના વિચારો અને સમાજનિષ્ઠાના અનુસંધાનમાં આપણે નડિયાદ આશ્રમમાં જેટલું પણ કામ કરીએ તેટલું ઓછું છે, પરંતુ આ તેમની પ્રેરણાથી જ થયેલો એક નમ્ર પ્રયત્ન છે.

પૂજ્ય શ્રીમોટાના વિશાળ સ્વજનવર્ગની જાણકારી માટે આટલી માહિતી પ્રકાશિત કરવામાં આવી છે.

•

## ૨. ભગતમાં ભગવાન

- શ્રીમોટા

બાળપણથી જ એમનામાં નોખી ભાતના મનુષ્યત્વના ગુણોનાં દર્શન થાય છે. પોતાના પરિવારની કારમી ગરીબીની વાત કરતા હોવા છતાં એમાં ક્યારેય પરવશતા કે લાચારીનો ભાવ આવતો નથી. સાત વર્ષની ઉંમરે ખેતરમાં ધરુ રોપવાની મજૂરીના પૈસા ઓછા મળવા છતાં એનો એમણે સ્વસ્થતાથી પ્રતિકાર કર્યો છે. એમણે પોતે નોંધ્યું છે તેમ જીવનમાં આવી પડતાં દુઃખો એ જીવન વિકસાવનારાં છે એ દૃષ્ટિ એમને આઠ વર્ષની ઉંમરથી પ્રાપ્ત થઈ હતી. કિશોર અવસ્થામાં આકરી મજૂરી કરવામાં ક્યારેય લાચારી અનુભવી નથી. ભણતાં ભણતાં પટાવાળા તરીકે કામ કરતા એમણે નાનમ અનુભવી નથી. આ રીતે સહનશક્તિ, કુટુંબને મદદરૂપ થવાની પ્રેમભાવના, હિંમત, સમયસૂચકતા, અન્યાય કરનારને યોગ્ય જવાબ આપવાની શક્તિ વગેરે ગુણો કિશોર અવસ્થામાં પ્રગટી ચૂકેલા હતા.

મુક્તિ સંગ્રામનો ગાંધીજીએ પેગામ આપ્યો ત્યારે વડોદરા કૉલેજમાંથી દેશસેવા માટે કૉલેજ છોડીને ઝંપલાવનાર એ પહેલાં હતા. ગરીબી ફેડવા માટે ભણીને મોટા માણસ થવાનો નિશ્ચય દેશની સેવામાં હોમી દેવા જેવું મહાન પરાક્રમ કરવા છતાં એ હકીકત નમ્રતાથી રજૂ કરી છે. ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થનાર તથા હરિજન સેવા માટે વિદ્યાપીઠ છોડીને ઝંપલાવનાર પણ એ પહેલાં જ હતા. દેશની સેવા ખાતર એક ગરીબ ઘરના યુવાનનું આવું ભવ્ય બલિદાન એ દેશના સ્વાતંત્ર્ય ઇતિહાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ અને અજોડ છે. જેની ક્યાંય નોંધ ન લેવાઈ હોવા છતાં પૂજ્ય શ્રીમોટાએ એ માત્ર હકીકત રૂપે જ હકીકતને રજૂ કરી છે. સેવાની ગુપ્તતા અને નમ્રતાનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

દેશસેવામાંથી અન્ય પ્રલોભનોને કારણે ચલિત ન થવાય એ માટે એમણે હાથમાં ગંગાજળ લઈને સેવા કરવાની પ્રતિજ્ઞા કરી હતી. એ પછી એમને આફ્રિકામાં ઊંચા પગારની શિક્ષક તરીકેની નોકરીની ઑફર થઈ હોવા છતાં એ સ્વીકારી ન હતી. નિશ્ચયમાં આટલી તીવ્ર નિશ્ચળતા એ જ ભગવાનને અનુભવવા માટે પાયાનો ગુણ છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાના સ્વજનોને જીવનના વિકાસ માટે સમજાવતાં આ અંગે ઘણું લખ્યું છે. એક જગાએ તો ભક્ત કવિ દયારામના ભજનની પંક્તિ ‘નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો.’ ટાંકી છે. પોતાને ફેફરુંનો રોગ મટે એવો નથી એમ લાગતાં શરીર સેવા માટે નકામું છે એવું વિચારીને નર્મદાના ઊંડા પાણીમાં જીવન સમાપ્ત કરવા ભૂસકો મારવો એ પણ એક પ્રકારની શક્તિનાં દર્શન કરાવે છે.

કશાથી અંજાઈ ન જવું અને કોઈપણ સમસ્યાનું સમાધાન કર્યા વિના આગળ ન વધવું એ પૂજ્ય શ્રીમાટોની વિશેષતા છે. આ માટે ગાંધીજીને રૂબરૂ મળીને જે કહેવું જોઈએ તે સ્પષ્ટ કહ્યું હતું. ભગવાનનું નામ લેવાની બાબતમાં પણ એમણે પ્રયોગાત્મક સમાધાન કર્યું હતું. બાળયોગીજી, ધૂણીવાળા દાદા અને ઉપાસની મહારાજ જેવા મરમી અવધૂતોનું શરણું પણ પોતાને થયેલા અનુભવના આધારે સ્વીકાર્યું હતું. પૂ. શ્રીમોટાના આ બધાં ગુણો એ ભાગવતી ગુણો છે.

સાધનામાં પ્રવેશ કરતાં જ એમણે પ્રત્યેક તબક્કાને લક્ષણથી સમજવાનું રાખ્યું હતું. અને એનાં પરિણામોને વૈજ્ઞાનિક દૃષ્ટિથી સ્પષ્ટ કર્યા છે. ભાગ્યે જ કોઈ સાધક સાધનાના ક્ષેત્રમાં આટલો સ્પષ્ટ હોઈ શકે. નામસ્મરણથી રોગ કેવી રીતે મટે છે તથા નિરંતર નામસ્મરણથી કામ, ક્રોધ વગેરે કેવી રીતે મોળા પડે છે એ વૈજ્ઞાનિક પદ્ધતિથી સ્પષ્ટ કર્યું છે. ભારતીય આધ્યાત્મિક ક્ષેત્રમાં પૂજ્ય શ્રીમોટાની આ રજૂઆત વિરલ છે, ગાંધીજીએ આ હકીકત સમજીને કહેલું કે ‘તું આધ્યાત્મિક વિજ્ઞાનનો વિજ્ઞાની થઈશ.’

પૂજ્ય શ્રીમોટાએ દિવ્યજીવન માટેની સાધના સંસારમાં પ્રાપ્ત ફરજો બજાવતાં બજાવતાં અત્યંત ગુપ્ત રીતે કરી. એમના કાર્યસંગી પણ આ જાણી શક્યા ન હતા. જીવનમાં અકસ્માત, દુઃખ અને પડકારોમાં એમણે પ્રભુકૃપાના દર્શન કર્યાં છે અને એ કૃપાને યોગ્ય બનીને જીવ્યા છે. સર્પદંશને પ્રભુકૃપા ગણી અને ન પરણવાનો નિશ્ચય હોવા છતાં પરણાવવા માટેની માતાની ઈચ્છામાં ગુરુનો આદેશ સાંભળી પોતાના આદર્શના આગ્રહનું પણ સમર્પણ કર્યું અને જીવનની ઉન્નત ભાવનાને પ્રતિષ્ઠિત કરવા જબરજસ્ત સંગ્રામ આપ્યો. પરિણામે સર્પદંશ બાદ અજપાજપની સિદ્ધિ મળી અને લગ્નના મંડપમાં જ સમાધિનો અનુભવ પ્રાપ્ત થયો.

પૂજ્ય શ્રીમોટાના જીવન લક્ષ્યમાં ભગવાનનું અમૂર્ત રૂપ હતું એ અમૂર્તરૂપનું બીજું નામ જીવન હતું. રાગદ્વેષયુક્ત સંસારીજીવન-જીવદશાવાળાનું જીવન-સર્વ પૂર્વ કર્મોના પરિણામોને ખપાવીને મુક્ત બની શિવદશામાં રૂપાંતર પામે એવી દશાવાળું જીવન એ પૂજ્ય શ્રીમોટાના ભગવાન હતા. આવા અમૂર્ત ભગવાનને પ્રગટ કરવા એમણે ભજન, કીર્તન, આત્મનિવેદન, પ્રાર્થના જેવા ભક્તિમાર્ગના સાધનો હૃદયના ઊંડા ભાવથી કર્યાં છે. આ પણ ભારતીય આધ્યાત્મિક સાધનાની પરંપરામાં એક નોંધપાત્ર બાબત ગણાય. અમૂર્તની ભક્તિ મતલબ કે જ્ઞાનભક્તિ એક સાથે એમણે જીવતી રાખી છે. સાધનાનો આરંભ થયો ત્યારથી દેહત્યાગ સુધી એમનું પ્રગટ રૂપ 'ભગત' તરીકે જ રહ્યું છે.

પૂજ્ય શ્રીમોટાની સાધનામાં જો કોઈ મૂર્ત સ્વરૂપ દૃષ્ટિ સમક્ષ હોય તો એ સદ્‌ગુરુની આકૃતિ છે, પણ આગળ જતા સદ્‌ગુરુનું મૂર્તરૂપ અમૂર્ત ભાવરૂપ બની રહે છે. શ્રીમદ્‌ગુરુ પ્રત્યેની ભક્તિ તો અત્યંત આશ્ચર્યકારક ઘટનાઓ દ્વારા વ્યક્ત થયેલી છે. શ્રીસદ્‌ગુરુના હુકમનું પાલન એ તો પૂજ્ય શ્રીમોટાની સાધનાનો એક પ્રચંડ ઉન્મેષ છે. એવી સાધનાના કેટલાક પ્રસંગો દ્વારા આ ગ્રંથમાં પૂજ્ય શ્રીમોટામાં-'ભગત'માં-'ભગવાન'-ભગવાનના ગુણધર્મોનો આવિષ્કાર થયા કરે છે. પૂજ્ય શ્રીમોટાએ તબક્કાવાર થયેલા સાક્ષાત્કારોને અત્યંત સ્પષ્ટ રીતે આલેખ્યાં છે. મનની નીરવતા, સગુણ દર્શન તથા નિર્ગુણ સાક્ષાત્કારની ભેદરેખાઓ એમણે રજૂ કરી છે. એમણે ૧૯૨૨ થી ૧૯૩૯ માત્ર અઢાર વર્ષમાં પૂર્ણ પુરુષોત્તમના સાક્ષાત્કાર સુધીનાં દિવ્ય શિખરો સર કર્યા હતાં. પરમાત્માનું અણુ પરમાણુમાં પ્રસરેલું પ્રેમરૂપ તેઓશ્રીમાં પ્રગટ થયું અને ૧૯૩૯ પછી એ પરમ પવિત્ર પ્રેમગંગા અનેક જીવોના ઉદ્ધાર માટે પૃથ્વી પર વહેતી થઈ.

સાક્ષાત્કાર પછી પૂજ્ય શ્રીમોટાની સમગ્ર પ્રવૃત્તિ ખરેખર તો **ભગવાનની લીલારૂપે** હતી. પૂજ્ય શ્રીમોટાએ પોતાના જીવનના પલટાયેલા આ વહેણને બુદ્ધિગાહ્ય બને એ રીતે રજૂ કર્યું છે. પોતાની સંપૂર્ણ મુક્તિ પછીનું એમનું જીવન એ **'નિમિત્તોનું જીવન' છે. આ નિમિત્ત જીવન એટલે તેઓશ્રીના અગાઉના જન્મોના જીવનના અનેક જીવો સાથેના સંબંધોવાળું જીવન.** આવા અનેક જીવોને ભગવાન પ્રત્યે અભિમુખ કરવાના એક માત્ર હેતુથી એમણે વિલક્ષણ વહેવારો કર્યા છે. નિમિત્તો અનંત છે, કેમ કે જીવન પણ અનંત છે. **આખા બ્રહ્માંડમાં જ્યાં જ્યાં જીવન છે ત્યાં ત્યાં અનુભવીનું નિમિત્ત છે.** વળી સ્થૂળ નિમિત્તો એટલે કે પર્વતો, વૃક્ષો, અનેક પશુ-પંખી અને જળચર જીવો, બધા પ્રકારના મનુષ્યો વગેરે છે. સૂક્ષ્મ નિમિત્તોમાં શરીર વિનાની વિવિધતાભરી વિશાળ જીવસૃષ્ટિ છે. એ ઉપરાંત સૂક્ષ્મતર-કારણ નિમિત્ત પણ છે. પૂજ્ય શ્રીમોટાએ આવા અનુભવને વૈજ્ઞાનિક રીતે સમજાવવાનો અભૂતપૂર્વ પ્રયત્ન કર્યો છે.

***('ભગતમાં ભગવાન' પાંચમી આવૃત્તિ, પૃ. ૯-૧૧)***

## ૩. ભૂતકાળમાં ડોકિયું

- શ્રીમતી કાશીબા

(ગં.સ્વ. કાશીબા પૂજ્ય શ્રીમોટાનાં વડીલ ભાભી. સાબરમતી આશ્રમમાં પુત્રપરિવાર સાથે રહેતા હતા.)

### સૂરજબાની કસોટી

પૂજ્ય મોટાની માતાનું નામ સૂરજબા અને પિતાનું નામ આશારામ. સૂરજબાનું પિયર સાવલી પાસે સોખડા કરીને ગામમાં હતું. ત્યાં સૂરજબા સુવાવડ પ્રસંગે સાવલીથી સોખડા ગયાં હતાં. છેલ્લા દિવસો જતા હતા અને મોટાના જન્મને પંદરેક દિવસની વાર હતી.

આ અરસામાં સાવલીમાં પ્લેગ ફાટી નીકળ્યો. આ પ્લેગની અંદર સૂરજબાની સાસુનું મૃત્યુ થયું. ત્યાં સૂરજબાની સાસુની સ્મશાન વિધિ પૂરી થયા પછી એક ભાઈ સૂરજબાને સમાચાર આપવા સોખડા ગયા. પેલા ભાઈને જોતાવેંત સૂરજબાએ ઘેર ચાર વર્ષનો નાનો દીકરો મૂકીને આવેલાં તેને ઉદ્દેશીને પેલા ભાઈને પૂછ્યું "કેમ ભાઈ, મારો **જમનો** સારો છે ને ?" પેલા ભાઈએ કહ્યું, "હા." પણ બહેન તારે નાહવાનું છે. સૂરજબાને ધ્રાસકો પડ્યો અને પૂછ્યું, "કોનું નાહવાનું છે ?" "તારા ઘરનું છે. તારાં સાસુ પ્લેગમાં ગુજરી ગયાં." ભાઈએ જવાબ આપ્યો. સૂરજબાએ નહાઈ ધોઈને સાવલી જવાની તૈયારી કરી. ત્યારે હાલની જેમ મોટર ગાડી કે એવું કાંઈ સાધન નહીં. એકબાજુ સખત વરસાદ. પૂજ્ય મોટાનો આજ કાલમાં જન્મ થવાનો. આ બધી પરિસ્થિતિમાં સૂરજબાએ હઠ પકડી કે ના મારે તો ઘેર જવું જ છે.

વરસતા વરસાદમાં જવાનું. નદીમાં પૂર આવેલું એ જમાનામાં ગોળી વડે નદી પાર કરાવે તે રીતે નદી પાર કરવાની. ગોળીથી નદી પાર કરાવે તે ભાઈએ તો આવી પરિસ્થિતિમાં સૂરજબાને નદી પાર કરાવવાની ના પાડી. સૂરજબા તો ઘણું રડે. ના છૂટકે પેલા ગોળીવાળાને દયા આવી. તેણે ગોળીની અંદર પાંચ નાળિયેર વગેરે મુકાવ્યું અને સૂરજબાને ગોળી વાટે નદી પાર કરાવી અને વડોદરા આવ્યાં. ત્યાંથી ગાડાં મારફતે સાવલી આવી પહોંચ્યા.

આ પછી થોડા દિવસ થયા અને પૂજ્ય મોટાના પિતા આશારામના નાનાભાઈ હતા તેમનાં પત્નીને પણ પ્લેગ થયો અને તે પણ ગુજરી ગયા. આ રીતે આ કુટુંબ ઉપર એકાએક દુઃખ આવી પડ્યું. આ બધાંનું બારમું કર્યું. તે બારમાના દિવસે બધાને જમાડયાં.

પછી સૂરજબાએ રસોઈયો મહારાજ હતો તેને પૂછ્યું, "કેમ મહારાજ, હવે કોઈ બાકી છે ?" મહારાજ કહે "હા એક વિદ્યાર્થી છે." પેલા વિદ્યાર્થીને જમવા બોલાવ્યો, તે વિદ્યાર્થી કહે હું અહીં નહીં જમું," મહારાજે કહ્યું, 'તું' અહીં ના જમે તો ઘેર લઈ જા. આ વિદ્યાર્થી ભોજનની થાળી લઈને પગથિયાં ઉતરે છે તે ટાણે સંધ્યા કાળે રામજી મંદિરમાં આરતી થતી હતી. તે વખતે પૂજ્ય મોટાનો જન્મ થયો.

મોટાના જન્મને બે દિવસ થયા ત્યાં તો મોટાના મોટાભાઈ જમનાદાસ જે ચાર વર્ષના હતા તેમને પ્લેગ થયો સૂરજબા તો ખાય નહીં, પીએ નહીં, તેમણે ઘી અને ભાત નહીં ખાવાની બાધા લીધી. મોટાના પિતાજીએ કોટે ઠીંકરું બાંધીને ખીચડી ખાવાની બાધા લીધી. ઈશ્વર ઇચ્છાથી જમનાદાસને સારું થયું. પૂજ્ય મોટાને છ આંગળી હતી. સૂરજબાને ચિંતા થઈ કે આને છ આંગળી છે તે ભણશે શી રીતે ? તેઓ તો ડૉક્ટર પાસે જઈને એક આંગળી કપાવી આવ્યા.

*('જીવન સ્ફુલિંગ', પ્ર.આ., પૃ. ૧૨૫-૧૨૬)*

## ૪. શ્રીમોટાનું બાળપણ

- સોમાભાઈ ભાવસાર

કાદવમાંથી જેમ કમળ જન્મે છે એમ ગરીબીમાંથી આપણા સાધુસંતો પાક્યા છે. કુંભાર નિભાડામાં માટીનાં વાસણો ગોઠવીને તે સળગાવે છે અને નિભાડાના તાપમાં તપીતપીને જેમ વાસણો પરિપક્વ થાય છે અને તેને ટકોરા મારીને તે નાણી જુએ છે એમ આપણા સાધુસંતો પણ દુઃખ અને સંક્ટોનું ધાવણ ધાવીને ઊછર્યા છે એમ જણાય છે. કષ્ટો અને સંકટોથી તેમનો જીવનવિકાસ થયો હોઈને તેમના તનની અને મનની જીવનશુદ્ધિ થયેલી હોવાથી સ્નાન કરીને મનુષ્ય જેમ નિર્મળ થાય છે એમ બહિર અને આંતર્શુદ્ધિ થયા પછી જીવન નિર્મળ થાય છે અને તે ઊર્ધ્વગતિ તરફ વળે છે.

સંતોનો બાલ્યકાળ આ રીતે દુઃખદાયી અને કષ્ટદાયી હોય છે પણ તેનો તેમને અસંતોષ હોતો નથી બલકે તેમની બાળલીલાઓ બીજાઓને પ્રેરણાસ્પદ અને પ્રોત્સાહિત કરે છે. કેટલીક વાર આપણે યોગ્ય રીતે અને સમજણપૂર્વક કરેલાં કાર્યોનો અનુભવ સાધના કૂચમાં પથદર્શક બની આપણી વિકાસયાત્રાને ઊર્ધ્વગામી બનાવે છે. એવું સંતોના જીવનમાંથી આપણને જાણવા મળે છે.

બંગાળના રામકૃષ્ણ પરમહંસ, ચૈતન્ય, મહાપ્રભુ, મહારાષ્ટ્રના તુકારામ, જ્ઞાનદેવ, ગુજરાતના નરસિંહ મહેતા, સ્વામી દયાનંદ સરસ્વતી, ભક્ત જલારામ, પંજાબના ગુરુ નાનક, દક્ષિણના રમણ મહર્ષિ અને શ્રી અરવિંદ હાથેપગે જ પોંડિચેરી આવેલા. તેમ છતાં આ સંતોની સાધનામાં પરમાત્માની અસીમ કૃપાનાં કેવા દર્શન થાય છે ? સોનું તપીને, ઘડાઈને ઘાટમાં પરિણમે છે ત્યારે એની શોભામાં કેવી વૃદ્ધિ થાય છે ? એમ સંતમહાત્માઓ પણ અનેક યાતનાઓ વેઠી જીવનમુક્ત બને છે ત્યારે સમાજને કેટલા આશીર્વાદરૂપ બને છે અને તેમણે જેમ પોતાના જીવનને ઊજાળ્યું તેમ સમાજને કેવો ઉજાળે છે ? આથી જ સંતમહાત્માઓનું ચરણારવિંદમાં નરનારી આબાલવૃદ્ધ સૌ ઝૂકી પડે છે અને આશીર્વાદ પામવા માટે યાચના કરે છે. જગતના મહાન માણસોને જોઈને આપણે આનંદિત થઈએ છીએ. તેમનાં કાર્યોની પ્રશંસા સાંભળીને આપણે તેમને વંદના કરતાં અહોભાવ અનુભવીએ છીએ. પણ કેટલાં તેમના જેવા થવાનો પ્રયત્ન કરે છે ? ગાંધીજી સામાન્ય માણસમાંથી મહાન થયા. શ્રીમોટા સામાન્ય માણસમાંથી સંત બન્યા. તેમનાં કાર્ય અને જીવનથી ઘણા લોકો પ્રભાવિત થયા. પરંતુ તેમને જોઈને તેમના જેવા થવાનો પ્રયત્ન કેટલાએ કર્યો છે ?

સંતમહાત્માઓનાં જીવનમાંથી તેઓએ અથાગ મહેનત કર્યાની વાતો જાણવા મળે છે. તેઓ જે કાર્ય હાથમા લે છે તે પૂરું કર્યા પછી જ જંપે છે. તેમ કરવા જતાં નથી તેઓ થાકતા, નથી તેઓ કાર્ય બંધ કરી દેતા કે નથી તે મુલવતી રાખતા. પરંતુ ચંદ્ર અને સૂરજની જેમ તેઓ અવિરતપણે કાર્ય કરતા જ હોય છે. સંકટો આવે ને કષ્ટો પડે, વિઘ્નો આવે ને મુશ્કેલીઓ ઊભી થાય તેમ છતાં તેઓ કાર્ય પાર પાડીને જ નિરાંતનો શ્વાસ લે છે, એવી સાધુસંતોની અવિરત કાર્યલીલા સૌને પ્રેરણા આપે છે.

શ્રીમોટાનું બાળપણ અનેક હાડમારીઓ અને મુશ્કેલીઓમાંથી પસાર થયું છે. ઘરના ગુજરાન માટે પોતાનાં માતા-પિતાને સખત કામ કરતાં જોઈને શ્રીમોટાને થયું કે હું પણ કામ કરીને મારાં માતાપિતાને મદદરૂપ થઉં તો કેવું સારું ? તેઓ ભણતા હતાં એટલે

તે સમયે તો કામ કરવા ન જઈ શકે પરંતુ રજાઓના દિવસોમાં મજૂરી કરીને તેઓ જરૂર માબાપને મદદરૂપ થઈ શકે.

એક દિવસ સવારે શ્રીમોટાના ઘર પાસેથી બધાં ઇંટવાડે કામ કરવા જતાં હતાં તે જોઈને તેમણે બધાંને પૂછ્યું કે મને ઇંટવાડે કામ કરવા રાખશે ?

'ચાલને અમારી સાથે. ઇંટવાડે જઈને પૂછીશું કે તને કામ મળે કે કેમ ?' બધા ઇંટવાડે ગયાં. ઇંટવાડે બધાંને કામ મળ્યું શ્રીમોટા બાકી રહી ગયા. ઇંટવાડાવાળા ભાઈએ કહ્યું કે તું તો છોકરો છે. તું કેવી રીતે કામ કરી શકે ?

શ્રીમોટાએ જવાબ આપ્યો : 'ભાઈ, ભલે હું નાનો રહ્યો પણ મારું કામ તો જોજો. જો હું મોટા જેટલું કામ કરે છે એનાથી ઓછો ઊતરું તો મને કહેજો.'

વળી ઇંટવાડાવાળાએ શ્રીમોટાને પ્રશ્ન કર્યો : 'છોકરા, તું મોટા જેટલું કામ કરવાનું કહે છે પણ તેઓ તો ગરમ ગરમ ઇંટો ઊચકી જાય છે, તારાથી તેમ બનશે ?'

શ્રીમોટાએ જવાબ આપ્યો કે મોટા જો ગરમ ગરમ ઇંટો ઊંચકી જાય છે તો મારાથી કેમ નહીં ઊંચકાય ?

આખરે ઇંટવાડાના માલિકે શ્રીમોટાને કામે રાખ્યા અને શ્રીમોટાએ ઇંટવાડા પરથી ગરમ ગરમ ઇંટો લઈને મોટાંઓ જે રીતે ગોઠવતા હતા તે રીતે ગોઠવવા માંડી.

કોઈ વાર મોટાં લોકો કિલકારીઓ કરતાં કરતાં દોડી દોડીને ઇંટવાડેથી ઇંટો લાવી ગોઠવતાં ત્યારે શ્રીમોટાને પણ તેમ કરવું પડતું.

બાર વાગ્યે રોટલાનો વખત થયો ત્યારે માલિકે મોટાંને બબ્બે રોટલા આપ્યા અને શ્રીમોટાને છોકરો માનીને એક રોટલાં આપ્યો. તેમ થતાં શ્રીમોટા તરત જ બોલી ઊઠ્યા : ''મોટા જેટલું કામ કર્યુ અને મોટા જેટલા રોટલા નહીં ?''

માલિકે જવાબ આપ્યો કે જો ભાઈ, મોટાને બે રોટલા અને નાનાંને એક રોટલો એવો અમારો રિવાજ છે એટલે તને એક જ રોટલો મળશે.

માલિક સમજવા માગતા નથી એટલે શ્રીમોટાએ વધુ કહેવાનું માંડી વાળ્યું.

સાંજે છૂટતી વેળાએ માલિકે મોટાંને આખી મજૂરી આપી અને શ્રીમોટાને બાળક ગણીને અડધી મજૂરી આપી. શ્રીમોટાએ કામ મોટાં જેટલું કર્યું પણ મજૂરી નાનાં જેટલી જ મળી. કેવો ભેદભાવ ! જે કામમાં કામ કરે એટલીય મજૂરી ન મળે એવું કામ શા માટે કરવું ? શ્રીમોટાએ ઇંટવાડાનું કામ છોડી દીધું.

કોઈકે કહ્યું કે તારે કડિયા કામમાં મજૂર તરીકે કામ કરવું છે ? કડિયાને રેતી સિમેન્ટનો કોલ કરી આપવાની. ઇંટો આપવાની અને કડિયો બીજું જે કામ બતાવે તે કરવાનું.

શ્રીમોટાએ હા પાડી, શ્રીમોટા કડિયાકામમાં જોડાયા અને કડિયો બતાવે તે કામ કરવા લાગ્યા. કોરી રેતીમાં સિમેન્ટ ભેળવી ખાંપીને ઢગલો કરી અને તેની ઉપર પાણી સમાય એવો ખાડો કરી તેમાં પાણી નાખી પછી રેતી, સિમેન્ટ ખાંપી નાખે. રેતીમાં સિમેન્ટ બરાબર ભળ્યો હોય અને તે સારી રીતે ખંપાય એટલે સારો માલ બને.

કડિયાને શ્રીમોટાનું કામ એવું ગમી ગયું કે સાંજે પૂરું થયા પછી ઘેર જતી વેળા કડિયાએ કહ્યું કે છોકરા, તારે બીજે કાંઈ કામ ન હોય તો અહીં મારી સાથે કામ કરવા આવતો રહેજે. કડિયાએ કામની કદર કરી તેથી શ્રીમોટા પ્રસન્ન થયા. નિશાળમાં રજાઓ પૂરી થઈ ત્યાં સુધી શ્રીમોટાએ કડિયાકામ કર્યું.

ફસલ ટાણે કપાસની મોસમ વેળાએ શ્રીમોટા ખેતરોમાં કપાસ વીણવા જાય. ધોતિયાની ઝોળી કરીને ખભે ઝોળી ભેરવી શ્રીમોટા કપાસના છોડે

છોડે ફરે અને કાલામાંથી રૂ કાઢી ઝોળીમાં નાખતા જાય. શ્રીમોટા એક વાર કામમાં જોડાયા પછી આડાઅવળા ડાફરિયાં ન મારતા કામમાં જ લાગી જાય એટલે સૌને તેમનું કામ ગમી જાય જે શ્રીમોટાને બીજી વાર કામ કરવા બોલાવે.

તુવેરોની ફસલ વેળાએ શ્રીમોટા તુવેરોની સીંગો વીણવા જતા અને સૌની સાથે સરખું કામ કરીને બધાંની શાબાશી મેળવતા. કામ કરવામાં તેઓ કદી ઓછા ન ઊતરતા પણ કામ કરીને દરેક પોતાનો ઢગલો કરે ત્યારે એમનો ઢગલો જુદો તરી આવતો.

આટઆટલી મજૂરી કરવા છતાં શ્રીમોટા ભણવામાં પણ એટલા જ હોશિયાર હતા અને પોતાના વર્ગમાં તેઓ પહેલા નંબરે જ પાસ થતા. તેઓ ભણતા અને રજાઓમાં મજૂરી કામ કરવા જતા. કોઈને જરૂરી હોય તો આંટાફેરા કરી તેનું કામ પણ કરી આપતા.

કાલોલમાં શ્રીમોટાને ઘેર એક ગાય રાખેલી હતી. ગાયને રાખવા માટે જુદી જગા નહોતી એટલે ઘરની ઓસરીને થાંભલે બાંધી રાખે. ઘર સરિયામ રસ્તા ઉપર હતું એટલે લોકોની અવરજવર બહુ રહેતી. ગાય રસ્તામાં મળમૂત્ર કરે એટલે ગંદકી થાય અને જનાર આવનારને સૂગ લાગે એટલે બબડે પણ ખરાં. લોકો બબડે એ સ્વાભાવિક હતું પણ ઘરની પાસે બીજી જગ્યા નહોતી એટલે ગાય બીજે બાંધે ક્યાં ?

એક દિવસ શ્રીમોટાનાં બા બોલ્યાં કે ગાય વેચી નાખીએ તો કેવું ? ગાય આપણી છે તે દૂધ આપે છે એટલે તેની અડચણ આપણે વેઠી લઈએ પણ જનારઆવનાર શા માટે મુશ્કેલી વેઠે ? કોઈ વાર ગાયના મળમૂત્ર ઉપર પગ પડી જતાં તેમના પગ બગડે છે જે તેમને રુચે નહીં તે સ્વાભાવિક છે. એમની જગ્યાએ આપણે હોઈએ તો આપણને પણ એમ જ થાય.

કોઈ વાર કોઈ સવાલ જાગે ત્યારે બા તેની વિરુદ્ધ અને તરફેણ બંને બાજુનો વિચાર કરે. વિચારને અંતે એમ લાગે કે સામાની વાત સાચી છે તો તેનો સ્વીકાર કરતાં શરમ કે સંકોચ ન અનુભવતાં તે નિવારવાની તજવીજ કરે. બાએ વિચાર કર્યો કે ગાય છે તો આ બધી બાબતો ઊભી થાય છે પણ ગાય હોય જ નહીં તો પછી કોઈને કશું કહેવાનું રહે નહીં. એટલે જ બાએ ગાય વેચવાની વાત કરી હતી. ઘરનાં બધાં બાની વાત માન્ય કરતાં હતાં પણ શ્રીમોટાને આ વાત રુચતી નહોતી. પણ શું કરીએ તો બા ગાય વેચે નહીં તે વિશે તેઓ વિચારમાં પડી ગયા હતા. ત્યાં તેમને એક વાત સૂઝી અને તેમણે બાને કહ્યું : 'હેં બા, તારું બાળક મળમૂત્ર કરીને તારું ઘર બગાડી મૂકે છે તો તું તેને વેચી દઉં છું ?'

બા શો જવાબ આપે ? પરંતુ શ્રીમોટાની વાત સાંભળતાંની સાથે જ તેઓ અકળાઈ ઊઠ્યાં ને બોલ્યાં, 'મારા રડ્યા, તું તો જે તે બાબતમાં આડી ને આડી જ વાત કરે છે પણ તને ખબર છે કે આપણે મહેનત મજૂરી કરીને જીવવાનું. વહેલી સવારે ઊઠીને કામે ચડીએ તે રાતે સૂઈએ ત્યાં સુધી કામનો પાર આવતો નથી. હવે બોલ ગાયનો ઠાઠો ક્યારે કરીએ ? ગાયનો ઠાઠો ના કરી શકીએ તો પછી ગાય વેચી નાખવી એ જ સારું ને ?'

બાની વાત સાચી હતી એટલે શ્રીમોટા શું બોલે ? શ્રીમોટાના દિલમાં ગાય વેચાય એ રુચતું નહોતું. એટલે થોડી વાર વિચાર કર્યા પછી એમણે બાને કહ્યું : 'જા બા, આવતી કાલથી ગાયનો બધો ઠાઠો હું કરીશ.'

બીજા દિવસની સવારથી શ્રીમોટાએ ગાયના કામકાજનો હવાલો સંભાળી લીધો. વહેલી સવારે ઊઠીને ગાયે મળમૂત્ર કરીને જ્યાં જ્યાં ગંદકી કરી હતી અને છાણના પોદરા વેરાયેલા પડયા હતા તે વીણીને ઓસરીની હેઠળ એક ખૂણે ઢગલો કર્યો.

પછી જ્યાં જ્યાં ગંદકી થઈ હતી તેની ઉપર રસ્તાની ધૂળ નાખીને બધું ચોકખું કરી દીધું. ગાયના ચારામાંથી પૂળા અને ઘાસ અલગ અલગ કરી ઢગલા કર્યા અને આવનાર જનારને અગવડ ન પડે તે રીતે ગાયને બાંધી દીધી.

કાલોલ તાલુકાનું મુખ્ય ગામ; વેપાર ધંધો પણ સારો. એટલે આસપાસનાં ગામડાંના લોકો ગાડાં ભરીને શાકપાન, અનાજ વગેરે વેચવા લાવે. કાલોલની ભાગોળે તો છાંયામાં ગાડાં છૂટે, બળદને પૂળા નીરીને સૌ ગામમાં લાવેલ વસ્તુના વેચાણ માટે ભાવતાલ કરવા જાય. એક બે વાગ્યા સુધીમાં વેચાણનું કામ પૂરું થઈ જાય એટલે ગાડાં જોડી ગામ તરફ ચાલવા માંડે.

જતી વેળા પૂળાનું નીરણ લેવા જેવું હોય તે ગાડામાં નાખી લે અને બાકીનું પડ્યું રાખે. શ્રીમોટા નિશાળેથી છૂટીને છાંયામાં જ્યાં ગાંડાં છૂટયાં હોય ત્યા આવે અને પડેલા પૂળાનો ભારો બાંધી ઘેર લઈ જાય અને ગાયને નીરે. આ ઉપરાંત શ્રીમોટાની સાથે જે છોકારઓ ભણતા હોય તેમના ખેતરમાં જઈને પણ શ્રીમોટા લીલો ચારો લઈ આવીને ગાયને ખવરાવે. ગાયને પોષક આહાર મળતાં તેના દૂધનું પ્રમાણ વધ્યું અને તેથી ઘરનાં બધાં રાજી થયાં. મોટા ગાયની સેવાની વાત કરે ત્યારે કોઈને એમ લાગે કે તેઓ ગાયની સેવાની વાત કરે છે એના કરતાં ભગવાનની વાતો કરે તો કેવું સારું ? આવી વાતો કરનારાઓને ક્યાંથી ખબર હોય કે શ્રીમોટાએ બાળપણમાં ગાયની જે સેવા કરેલી, તે એમના દિલમાં એવી વસી ગઈ હતી કે ગાયને જોતાં જ તેમણે કરેલી સેવા યાદ આવી જતી અને તેથી જ તેઓ ગાયની સેવા કરવા સૌને પ્રબોધતા.

*('ગુજરાતની સંતવિભૂતિ શ્રીમોટા', પ્ર.આ., પૃ. ૮ થી ૧૪)*

## વેદકાળના ઋષિમુનિઓના જીવનમાં ચેતનનું જ મહત્ત્વ

એટલે અસલના ઋષિમુનિઓએ આ જગત મિથ્યા છે કે સંસાર મિથ્યા છે એવું કહેલું નથી. આપણે જો જુઓ વેદકાળના ઋષિમુનિઓ તો બધા પત્નીવાળા હતા. એમાં મોટામાં મોટા ઋષિ વસિષ્ઠ કહેવાય એમને પણ પત્ની. ઘણા ખરા ઋષિઓને પત્ની હતી. બાળકો પણ હતાં. ત્યારે કોઈ કહેશે કે ભાઈ, ચેતનમાં નિષ્ઠા પામ્યા તો પછી બાળક કેવી રીતે થાય ? એમને તો કામવાસના હોય નહિ. એમ આપણને એક પ્રશ્ન જાગે. પણ એ એવી રીતે બાળકોની પ્રજોત્પત્તિ કરતા નહિ. કામવાસનાથી પ્રેરાઈને પ્રજોત્પત્તિ એમને થતી નો'તી.

તેમને તો એક જ માત્ર ચેતનની ભાવના કે એક પુત્ર કે પુત્રી કે ફરજંદ હોવું જોઈએ. કારણ કે આ ચેતન અનંત છે. સંસાર પણ અનંત છે અને એ... એ આ સંસાર ચાલવાને માટે અથવા પોતાનો જે પોતાની ભાવના છે, પોતાના જીવનના જે સંસ્કાર છે એ સંસ્કાર ઝીલી શકે, એ સંસ્કાર ચાલ્યા જ કરે, એ ભાવના અખંડિત રહ્યા કરે એટલા માટે ફરજંદની આવશ્યકતા અને જ્ઞાનપૂર્વક, હેતુપૂર્વક જ્યારે એ સંસાર ભોગવતા હોય ત્યારે પણ એમના મનમાં એ જ Predominant મહત્ત્વનો વિચાર, ભાવના, કે ચેતન ચેતનથી પ્રગટાવવું. એવી ભાવનાથી જ એ સંસારને ભોગવતા. કારણ કે એ આપણા... આપણા conceptionમાં અથવા તો આપણી બુદ્ધિની સમજણમાં કદાચ એ ન ઊતરે તો એ અસત્ય છે એમ માનવાનું કારણ નથી. ઘણી વસ્તુ આપણી બુદ્ધિમાં ઊતરતી નથી તેમ છતાં સત્ય હોઈ શકે છે, ત્યારે એ જે ઋષિમુનિઓ બધા હતા એમણે જીવનનો સ્વીકાર કરેલ, આપણે પણ જીવનનો તો સ્વીકાર કરેલો છે.

*(શ્રીમોટાવાણી-૩, દ્વિ.આ., પૃ. ૧૭)*

### જન્મ

ઈ.સ. ૧૮૯૮ના સપ્ટેમ્બર માસની ૪થી તારીખે વડોદરા જિલ્લાના સાવલી ગામે માતા સૂરજબાને પેટે પૂજ્ય શ્રીમોટાનો જન્મ થયો. જ્ઞાતિએ ભાવસાર એવા પિતા આશારામનો ધંધો રંગરેજનો-લુગડાં રંગવાનો. નબળી આર્થિક સ્થિતિને કારણે આશારામ ભગત સાવલીથી નીકળી આજીવિકાની શોધમાં પંચમહાલ જિલ્લાના કાલોલ ગામે આવીને વસ્યા.

પૂજ્ય શ્રીમોટાના જન્મ સમયે કુટુંબની જાહોજલાલી સારી હતી. સાવલી બહારના પ્રદેશો સાથે વેપાર-ધંધાની લેવડદેવડ પણ ખરી. પરંતુ પૂજ્ય શ્રીમોટા બાલ્યાવસ્થામાં હતા એ દરમિયાન જ પેઢી ઘસાતી ચાલી. અને નિર્ધન થયેલ આશારામને અર્થિક પરિસ્થિતિને કારણે સ્થાળાંતર કરવું પડ્યું.

આશારામ ભગતને ચાર સંતાનો. સૌથી મોટા જમનાદાસ. બીજા ચૂનીલાલ ભગત જેને સૌ ‘‘ચૂનિયો’’ કહી સંબોધતા—તે જ પૂજ્ય શ્રીમોટા, ત્રીજા મૂળજીભાઈ ભગત અને ચોથા સોમાલાલ ભાવસાર. આજુબાજુ દારૂમાં ચકચૂર બનીને રાતદિવસ બિભત્સ ભાષાનો ઉપયોગ કરતા નીચલા સ્તરના દરજી, મોચીનો એમનો પડોશ.

### બાળપણ

સરિયામ રસ્તા પર ઓરડી આવેલી હોવાને કારણે આશારામ ભગત રાતે તાપણું સળગાવી બેસતા. આવતા જતા પોલીસો હુક્કા પાણી માટે ત્યાં રોકાતા. તે જમાનામાં કેટલીક ચોરી કરનાર કોમો માટે સરકારે પોલીસ ચોકીએ હાજરી આપવાનું ફરજિયાત બનાવેલું. મહેમાનનું નામ પણ નોંધાવવું પડતું. પેલા પોલીસ ભાઈબંધોએ એક દિવસ તાપણે બેસતી વખતે ઓટલે સૂતેલા મહેમાનનું નામ કેમ નોંધાવ્યું નહિ ? એવું પૂછ્યું. આશારામ ભગતે કહ્યું કે, ‘‘એ તો કોળી વાઘરીને નોંધાવવાનું હોય અમારે નહિ.’’ પોલિસોએ આ જવાબથી આશારામને ગડદાપાટુ માર મારીને પોલીસ ચોકીએ લીધા. પોતાની માતા નાગરવાડામાં જેમને ઘરે દળણાં દળવા જતાં તેવા એક રાવસાહેબને ચૂનીલાલે વિનંતી કરતાં એમણે પોલીસોને દબડાવીને આશારામને છોડાવ્યા. તે પ્રસંગથી રાવસાહેબ જેવા પ્રભાવશાળી મોટા માણસ (મામલતદાર) થવાનો દૃઢ સંકલ્પ ચૂનીલાલે કર્યો.

### અભ્યાસ

ચૂનીલાલનો સ્વભાવ બાળપણથી જ ખૂબ સરળ. માતાપિતાનું કામ તો કરે, પણ સાથે સાથે આજુબાજુના લોકોનું—ખાસ કરીને નાગરવાડાના કુટુંબોનું પણ ચીંધેલું કામ હોંશે હોંશે કરે. નાનપણથી જ બીજાને ઉપયોગી થઈ પડવાની વૃત્તિ એટલે બધાંને વહાલા થઈ પડતા. આ નાગર કુટુંબોના સંબંધોમાંથી જ ભાવિમાં સાહિત્યકાર શ્રી રમણલાલ વસંતલાલ, શ્રી ધનુભાઈ મહેતા, કરાંચીવાળા શ્રી પરસદભાઈ (નરસિંહરાવ દીવેટિયાના જમાઈ અને બાપુના હુલામણા નામે સંબોધતા તે), આધ્યાત્મિક માતા પ્રભાવતીદેવી વગેરે સાથે જીવનપ્રેરક સંબંધો વિકસ્યા હતા.

અસહ્ય ગરીબી અને કારમી કંગાળિયતમાં અભ્યાસની ઉત્કટ ઇચ્છા હોવા છતાં તેને છોડીને સાત વયની કુમળી વયે ડાંગર રોપવા વગેરે મજૂરીનાં કામે જવું પડતું. ઈંટવાડામાં ઈંટ ઉપાડવાનું કામ પણ કરવું પડેલું. તેવા સમયે આ નાનકડો બાળમજૂર પુખ્તવયના મજૂરોની હારોહાર ઊભો રહે, ધગધગતી લાલ ઈંટોથી હાથમાં ફોલ્લાં પડી જાય, પણ ડગે નહિ અને એકધારો શ્રમ કરે. આમ છતાં મજૂરી અને ખાવાનું તો બાળક તરીકેનું મળે એવા અન્યાય હોંશે હોંશે સહન કરે.

૧૯૧૨ કાલોલમાં એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ નીકળી. આ સ્કૂલના હેડમાસ્તરે ચૂનીલાલની શક્તિ ઓળખી અને એમને અંગ્રેજી ૧ થી ૪ ચોપડીનો અભ્યાસ દોઢ વર્ષમાં કરાવ્યો. તે જ વખતે આ ચૂનીલાલ એ જ શાળામાં માસિક રૂા. ૧-૫૦ના પગારે પટાવાળાનું કામ કરતા. આમ છતાં પ્રથમ નંબરે પાસ થઈ ઈનામો પ્રાપ્ત કર્યા.

**પ્રામાણિકતા**

સાતમા ધોરણમાં આવતાં ગોધરામાં ચૂનીલાલ એક પેઢી પર કામ કરવા રહ્યા. દુકાન ઉઘાડવી, વાળીઝૂડી સાફ કરવી. ગંદા ડાઘવાળાં ચાદરો ગલેફો વગેરે દરરોજ ધોવાં વગેરે કામ ઉત્સાહથી કરતા. શેઠે ખુશ થઈ રૂા.૫ માસિક પગાર કર્યો. આ દુકાને છેવટે ગામડાંમાંથી ગાડાં ભરીને ખેડૂતોનું અનાજ જોખી લેવાનું કામ એમને ભાગે આવ્યું. શેઠે એમને દાંડીને ઝોક આપીને ઓછા વજને વધારે અનાજ તોલી લેવાની કળા શીખવી અને તેનો અમલ કરવાનું સૂચન કર્યું. પણ ચૂનીલાલે લાંબા સમય સુધી એનો અમલ ન કર્યો. એક દિવસ એ વાત પકડાઈ જતાં શેઠે ઠપકો આપતાં એ નોકરીને રામરામ કર્યા.

ફરીથી અભ્યાસ કરવાનું થતાં ભવિષ્યમાં જેનો આધ્યાત્મિક મા તરીકે સ્વીકાર કર્યો તેવાં પ્રભાવતીબહેનને ત્યાં રહી પેટલાદની હાઈસ્કૂલમાં અભ્યાસ કરવાનું થયું. પેટલાદમાં શ્રી જાનકીદાસ મહારાજની સેવાચાકરી ચૂનીલાલ કરતા. પેટલાદની હાઈસ્કૂલમાંથી એમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી.

**કૉલેજ જીવન**

શ્રી ઘનુભાઈનાં માસી અને ભાવિનાં "આધ્યાત્મિક મા" પ્રભાવતીદેવીએ ખર્ચની જવાબદારી ઉઠાવતાં ચૂનીલાલ વડોદરા કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે દાખલ થયા. કાલોલના નાગરવાડાની ઓળખાણે એક ભાઈએ "રેસિડન્સી હૉસ્ટેલ"માં પોતાની રૂમમાં એમને રહેવાની છૂટ આપી. બદલામાં ચૂનીલાલ રૂમની સફાઈ અને અન્ય હૉસ્ટેલવાસીઓની પાણીની માટલીઓ ભરવી, નાનાં-નાનાં કપડાં ધોવાં વગેરે કામ કરતા. સામુહિક કાર્યક્રમમાં ચૂનીલાલનો ખર્ચ આ નાગર વિદ્યાર્થીઓ ઉઠાવી લેતા. એક કાર્યક્રમ નિમિત્તે સિનેમા જોવાનું મન થતાં "આ તો ચસ્કો લાગ્યો" એવા વિચારથી સભાન બની મિત્રોની મદદથી પણ સિનેમા ન જોવાનો દૃઢ સંકલ્પ કર્યો. હૉસ્ટેલથી અઢી માઈલ દૂર આવેલી વૈષ્ણવ હવેલીએ દોઢ આનાની પેટભર જમવાની પતરાળી મળે ત્યાં એક ટંક જમતા. જતાં આવતાં ફૂટપાથ પર ચાલતાં ચાલતાં વાંચતા. પ્રભાવતીબહેન ખર્ચ આપવાનાં હતાં છતાં તેમને બને તેટલા ઓછા ભારરૂપ નીવડવાની ભાવના આની પાછળ હતી. જ્યારે પ્રભાવતીબહેનને ખબર પડી ત્યારે તેમણે તે બંધ કરાવ્યું.

**કૉલેજ ત્યાગ**

બી.એ.ના છેલ્લા વર્ષમાં ગુલામીના શિક્ષણનો ત્યાગ કરી કૉલેજ છોડવાની હાકલ થતાં ચૂનીલાલે કૉલેજ શિક્ષણનો ત્યાગ કર્યો અને ગાંધીજીની સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવ્યો. ત્યાં વિદ્યાલયના ઓરડાઓ સાફ કરવાનું, ઝાડુ કાઢવાનું, ગાંધીજીનું અઠવાડિક પ્રકાશન 'નવજીવન'ની પ્રતો વેચવાનું વગેરે કામ કરી પોતાનો ખર્ચ કાઢતા. વિદ્યાપીઠમાં એક સાંજે ગાંધીજીએ પ્રવચનમાં જણાવ્યું કે "તમે તો એક ડિગ્રીનો મોહ છોડી બીજી ડિગ્રીના મોહમાં પડ્યા." આ વાક્યની ચોટ ચૂનીલાલને અને પાછળથી રંગઅવધૂત મહારાજ તરીકે પ્રખ્યાત થયેલા એવા શ્રી પાંડુરંગ વળામેને લાગી જતાં બંને જણે વિદ્યાપીઠ છોડી.

**સેવાકાર્યમાં – હરિજનસેવા**

ઈન્દુલાલ યાજ્ઞિકે સ્થાપેલા નડિયાદના હરિજન આશ્રમમાં કામ કરવાનું શરૂ કર્યું. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક સંચાલિત "અંત્યજ સેવા મંડળે" સ્થાપેલા

આશ્રમ અને ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત હરિજનશાળા બંનેનું સંચાલન એમના હાથમાં આવ્યું. આની સામે વિરોધ પણ થયેલો. બાપુ પાસે એ ફરિયાદ પણ ગયેલી. બાપુએ ચૂનીલાલને બોલાવ્યા અને પૂછ્યું કે "આટલી નાની ઉંમરે તમે આ બે સંસ્થાનું કામ કેવી રીતે કરી શકો ?" ચૂનીલાલે સ્પષ્ટ જવાબ આપ્યો, "William Pitt the younger was the Prime Minister of England at the age of 24."

ચૂનીલાલને બેવડું કામ છોડી એક જ કામ કરવાની ફરજ પડી. જ્ઞાતિ સામે થવાના અનેક પ્રસંગો આવ્યા. સવર્ણ હિંદુઓની હરિજન છાત્રોને થતી કનડગતના બનાવોનો સામનો કરવાનો આવ્યો. આ ઉપરાંત મોટાભાઈ જમનાદાસભાઈ ક્ષય રોગના ભોગ બનતાં તેમની સારવાર અંગે કેટલુંક દેવું કરવું પડ્યું. માસિક રૂા. ૫૦.૦૦ ના મહેનતાણામાંથી ફરજિયાત બચતના રૂા. ૨॥ બાકાત જતાં રૂા, ૪૭॥ માંથી સાત જીવોનું પોષણ કરવાનું હતું. આ બધું કરવા છતાં મા અને ભાઈ એમના પ્રત્યે અસંતોષના મેણાંટોણાં કરતાં. આ બધી તાણોને પરિણામે એમને ફેફરુંનો રોગ લાગુ પડ્યો.

### ફેફરું – મા નર્મદાને ખોળે

ફેફરાના રોગથી ખૂબ કંટાળી એમણે જીવનનો અંત આણવાનો નિર્ણય કર્યો. નર્મદા નદીને કાંઠે આવેલા મોખડીઘાટની પાસે રણછોડજીનું એક મંદિર છે. ત્યાં એક સાધુ મહાત્માની સેવા કરવાની તક એમને પ્રાપ્ત થઈ. ત્યાં ફેફરાંનો એકાદ હુમલો થયો પણ હશે એટલે સાધુમહાત્માએ નામસ્મરણ કરવાનું સૂચવ્યું. પણ ચૂનીલાલને શ્રદ્ધા ન બેઠી. કોઈ જડીબુટ્ટી આપી હોત તો શ્રદ્ધા બેસત. આથી એમણે જીવનનો અંત આણવાનો નિર્ણય કર્યો. અને ગરુડેશ્વરથી આગળ ઊંચી ભેખડ પરથી મા નર્મદાને ખોળે પડતું મૂક્યું. પરંતુ, પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ જન્મ્યો અને ચૂનીલાલને ઉછાળીને ભેખડ પર ફેંકી દીધા. અદ્‌ભુત રીતે બચી જવાતાં એમને થયું "By His grace I am meant for something." તે દિવસથી ભગવાન પરત્વે અભિમુખતા જન્મી.

### નામસ્મરણની જડીબુટ્ટી

નમર્દાતટથી તે આધ્યાત્મિક મા પ્રભાવતીબહેનને ઘરે ગયા. ત્યાં ત્રીજે માળે સીડીના છેડા પર ફેફરુંનો હુમલો થતાં ગબડતાં ગબડતાં બીજે માળે પરસાળમાં ફેંકાયા. સહેજ ભાન આવતાં નર્મદાકિનારે મળેલા સાધુ પ્રત્યક્ષ થઈ ગયા. તેમણે કહ્યું, "ભગવાનનું સ્મરણ તો કરી જો ! પ્રયોગ કરી જોવામાં તારું જાય છે શું ?" માને જ્યારે આ બીના કહી ત્યારે તેમણે કહ્યું. "ચૂનિયા ! તું તો ભારે બડભાગી છે. તું ભગવાનનું નામ લે. તને મટી જશે." તે વખતે ચૂનીલાલને શ્રદ્ધા મહાત્મા ગાંધીજી પર હતી. તેમને પત્ર દ્વારા પુછાવતાં તેમણે જણાવેલું કે નામસ્મરણથી રોગ મટે એ વાતમાં મને શ્રદ્ધા છે. આમ જીવનમાં નવો માર્ગ શરૂ થયો. અને નર્મદાતટના સાધુમહાત્માએ કરેલી આગાહી મુજબ બીજે વર્ષે ગુરુ પણ આવી મળ્યા.

### ગુરુ મળ્યા

અમદાવાદની સાબરમતી નદીની રેતીમાં એલિસબ્રિજની નજીક એક બંગાળી સાધુ 'બાલયોગી' મહારાજ ધૂણી ધખાવી પડી રહેતા. "નડિયાદસે કોઈ ચૂનીલાલ ભગતકો બોલાવો" એવું એ વારંવાર બોલ્યા કરતા. ચૂનીલાલે એમની પાસે જઈ તેઓ નડિયાદ પધારે અને સાધનામાં તેમને કંઇક શીખવાડે એવો પ્રાર્થનાભાવે સંકલ્પ કર્યો.

થોડા દિવસ બાદ તે નડિયાદ આવ્યા. સ્ટેશન પર ચૂનીલાલને મળ્યા. એમણે ચૂનીલાલને કહ્યું કે મોટું મકાન જોઈએ. નિર્જન સ્થળ જોઈએ અને પાસે જળાશય જોઈએ. એવું એક મકાન મળતાં ૧૯૨૪ની વસંતપંચમીના દિને સાધનાની દીક્ષા મળી.

## ધૂણીવાળા દાદાના દર્શને

દીક્ષાના કાર્યક્રમની પૂર્ણાહુતિ થતાં શ્રી બાલયોગીજીએ મોટાને કહ્યું કે તારા ગુરુ તો મધ્યપ્રદેશના ઈટારસીવાળા શ્રી કેશવાનંદજી ધૂણીવાળા દાદા છે. તેમનો પ્રેરાવેલો હું તને સાધનામાં દીક્ષિત કરવા આવ્યો છું. તારે તેમના આશીર્વાદ મેળવી અને તે જે હુકમ આપે તે પ્રમાણે કરવું.

પ્રથમ મુલાકાત વેળા દાદાજી તે કાળના શરીરધારી મુક્તપુરુષો વિષે, ''સાંઈબાબા હું પોતે જ છું.'' ''ઉપાસની પોતે જ છું.'' ''હું તાજુદ્દીનબાબા છું'' ''હું અકલકોટનો સ્વામી છું,'' એવું બોલતા. મોટાને આ પરત્વે સંશય જાગેલો કે આવું કેવી રીતે શક્ય બને ? પરંતુ ઘણા કાળ બાદ સાધનાની દૃઢ પરિપકવ દશામાં મોટાને આ બધા મહાપુરુષો પ્રત્યક્ષ દર્શન દેતા ત્યારે તેમના હૃદયપ્રદેશ જોતાં મોટાને દાદાજીનું જ દર્શન થતું ત્યારે પેલા સંશયનું નિરાકરણ થયેલું. આ બધાએ પણ એક અગર બીજા પ્રકારે મોટાને સાધનામાં ધક્કો મારેલો.

## ઉપાસની બાબા – દેહશુદ્ધિ

એકવાર હરિજન આશ્રમ નડિયાદના પાછળના ખેતરમાં નગ્નાવસ્થામાં ઉપાસની બાબા પડી રહેલા. તેમણે મોટાને પોતાની સાથે આવવા જણાવ્યું. પરંતુ મોટા પ્રાપ્ત કર્મ છોડીને જવા ઈચ્છતા ન હતા. થોડા મહિના પછી મોટા સાકોરી ગયા. ત્યાં એમના લાકડાના પાંજરાની સામે બેઠા. લગાતાર ૫-૬ કલાક સુધી લઘુશંકાની વૃત્તિ થઈ અને ઊઠવા ગયા તો ઉઠાય જ નહિ. આજુબાજુ ખસી શકાય પણ ઊભું થઈ શકાય નહિ. આમ દિવસ પસાર થઈ ગયો. પરંતુ ઉઠાય જ નહિ એટલે ત્યાં જ મળમૂત્ર વિસર્જન થયું. પાંચ દિવસ સુધી કશું જ ખાવાનું નહિ, છતાં મળમૂત્ર નીકળ્યા જ કરે. લોકો ઢેખાળા મારે, પણ મોટાના મનાદિકરણના સમાધિભાવમાં ભંગ પડ્યો નહિં. પાંચમે દિવસે ગરમ પાણી લાવીને પાયું. ખોરાક આપ્યો. છતાં વધુ ૨-૩ દિવસ એ ક્રિયા ચાલુ જ રહી. કુલ ૧૧ દિવસ આવી સ્થિતિમાં રહેવાનું થયું. ત્યારબાદ ઓચિંતુ એમને લાગ્યું કે ઉઠાશે એટલે ઊઠયા. જગા સાફ કરી શરીરને સાફ કર્યું. રજા માગતાં બાબા બોલ્યા, ''હવે તારી આ સ્થિતિ કાયમ જીવંત રહેશે.'' ત્યાં ઉપાસનીબાબામાં મોટા ધૂણીવાળા દાદાજીનો જ ધ્યાનભાવ રાખતા. ત્યા ઉપાસની બાબામાં ધૂણીવાળા દાદાનું પ્રત્યક્ષ જીવતુંજાગતું દર્શન થયેલું. આમ દેહશુદ્ધિની એક પ્રક્રિયા પૂર્ણ થઈ.

## સાધના કામ

મોટાની સાધના આગળ વધવા માંડી. શ્રી બાલયોગી મહારાજના આદેશથી એમણે કાયમ સ્મશાનમાં સૂવાનું સ્વીકાર્યું. ભયંકર જગાએ પોતાની સાધના માટે રાતવાસો રહેવાનું શરૂ કર્યું. આમ છતાં પ્રાપ્ત કર્મ સુંદર રીતે ચાલતું. કોઈવાર રજા લેતા નહિ, પરંતુ વર્ષમાં એકવાર એક મહિનાની લાંબી રજા લઈને કયાંક એકાંત, નિર્જન, જળાશયવાળા વસ્તીથી દૂર અને કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા સ્થળોએ ચાલ્યા જતા.

## લગ્ન

આ દરમિયાન માતાના અતિઆગ્રહને વશ થઈ લગ્નના પ્રસંગે લગ્નમંડપમાં હસ્તમેળાપ સમયે પૂજ્ય શ્રીમોટા સમાધિમાં ચાલ્યા ગયા. સતત બિમાર રહેતી કન્યા સાસરે ગઈ ત્યારથી તાવ હોવાથી એને પિયર વળાવી અને થોડા જ દિવસમાં મૃત્યુ પામી. આમ સંસાર ભોગવ્યા વિનાના મોટા સંસારી બન્યા.

## સર્પદંશ – નામસ્મરણની અખંડતા

ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના હરિજન આશ્રમ પાસે મોટા એકાંતમાં ખેતરે સૂવા ગયા. ત્યાં રાત્રે એમને સર્પદંશ થયો. સર્પદંશના દર્દીએ ભાન ગુમાવવું ન જોઈએ એવો એક વિચાર આવતાં એમણે

જોરજોરથી ''હરિઃૐ''ના જપ શરૂ કરી દીધા. એમને પૂરી સારવાર ૭૨ કલાક પછી મળી. ત્યાં સુધી આ જપ ચાલ્યા. આણંદના ડૉ. કૂકે એમની હોજરી સાફ કરી અને નીકળેલા પદાર્થનું લેબોરેટરીમાં પૃથક્કરણ કરતાં જણાયું, કે વિષ ભારે હતું. આ છોકરો કેવી રીતે જીવ્યો એનું આશ્ચર્ય વ્યક્ત કરતાં ડૉકટરે ભગવવાનના નામસ્મરણને કારણભૂત ગણાવ્યું હતું. કેટલાક સમયથી દિવસના ૧૬ કલાકથી વધુ નામસ્મરણ અથાગ પ્રયત્ન છતાં વધતું ન હતું તે આમ અખંડ થઈ ગયું. આથી મોટાએ સર્પદંશને કૃપા ગણાવી છે.

### સગુણ સાક્ષાત્કાર

આ એકધારી નિરંતર સાધના દરમિયાન ૧૯૩૦ની આસપાસ એમને મનની નીરવતા લાધી હતી. રાત આખી જાગ્રતદશામાં પ્રભુસ્મરણમાં રહેતા. ૧૯૩૪માં ગીતાના 'પુરુષોત્તમ'નો સગુણ સાક્ષાત્કાર એમને થયો. એ અનુભવને એમણે શબ્દબદ્ધ કરેલો છે.

### સદ્‌ગુરુદર્શન

ત્યારબાદ સાબરમતી આશ્રમમાંથી નિવૃત્તિ લીધી. ઘણા સમય કરાંચીમાં પરસદભાઈને ત્યાં રહેવાનું થયું. ત્યાં પણ શ્રીસદ્‌ગુરુના હુકમપાલનના યાદગાર પ્રસંગો બન્યા. પોતે સદ્‌ગુરુના હુકમથી દરિયામાં ચાલ્યા ગયા, મોજાંએ એમને બહાર ધકેલી દીધા ત્યારે બેભાન અવસ્થામાં હતા. રોજા કર્યા અને ઈદની નમાજ પઢવા કરાંચીની ઇદગાહમાં ગયા. ત્યાં સદ્‌ગુરુએ પ્રત્યક્ષ થઈ કરાંચી શહેરમાંથી નગ્નાવસ્થામાં ચાલ્યા જવા હુકમ કર્યો. અને અનેરી ભાવમસ્તી સાથે એમણે તેમ કર્યું પણ ખરું. સદ્‌ગુરુએ પ્રસન્ન થઈ સદેહે આવી ફળના કરંડિયા વગેરે ભેટ આપ્યા. વળી બનારસમાં પરસદભાઈની દીકરીઓ પરીક્ષા આપવા ગઈ ત્યારે તેમની દેખભાળ લેવા માટે એ રહ્યા. એ બહેનોનાં ઘરેણાં મોટાના ખિસ્સામાંથી ચોરાતાં ધ્યાનની પ્રક્રિયા દ્વારા જાણ્યું કે કોણ ચોરી ગયું. તે વ્યક્તિને અગનઝાળ જેવી વેદના થવા લાગી અને ઘરેણાં પરત કર્યાં.

### સાંઈબાબાનું માર્ગદર્શન – નિર્ગુણ સાક્ષાત્કાર

કરાંચીમાં કાળીચૌદશને દિવસે એકાંત સ્થાન તરીકે દરિયામાં આવેલી એ ટેકરી પર આખી રાત સાધના કરવા ગયા. ત્યાં સાંઈબાબાએ ઓલિયાનું સ્વરૂપ ધારણ કરી ધ્યાનની પ્રક્રિયા શીખવી. અને રામનવમીને દિવસે તેનો ઉપયોગ કરવાનું સૂચવ્યું. રામનવમીના દિવસે તેઓ આ બહેનો સાથે બનારસ હતા. ત્યાં એ પ્રક્રિયા કરી. જેના પરિણામે ૧૯૩૯માં નિર્ગુણ સાક્ષાત્કારનો અનુભવ કર્યો. આ જ બનારસ નિવાસ દરમિયાન એમના શરીરના **મા**નો અંતકાળ નડિયાદમાં નજીકમાં આવતો હતો. માતાને વચન આપેલું કે અંતકાળ વખતે હું તારી પાસે હોઈશ. ધર્મસંકટ એવું કે બનારસ છોડી શકાય એમ ન હતું. એટલે ઉત્કટ પ્રાર્થના સાથે પ્રભુભાવ સહિત સાધન કરતાં પોતે બનારસમાં હોવા છતાં નડિયાદમાં માને સંદેહે દર્શન દીધાં. અને **મા**ની અંતિમ ઈચ્છાને માન આપ્યું.

### આશ્રમની સ્થાપના

એમના સંપર્કમાં આવનાર વ્યક્તિઓની સંખ્યા વધતી જતાં ૧૯૫૦માં દક્ષિણ ભારતમાં કાવેરી નદીને કિનારે કુંભકોણમ્‌માં, ૧૯૫૫માં શેઢી નદીને કાંઠે નડિયાદમાં, ૧૯૫૬માં તાપી નદીને તીરે સુરતમાં હરિઃૐ આશ્રમોની સ્થાપના કરી અને મૌનમંદિરો શરૂ કર્યાં. એમના આશ્રમના અંતેવાસી શ્રીનંદુભાઈના કુટુંબના સંપર્કમાં દક્ષિણ ભારતમાં આવ્યા ત્યારે નંદુભાઈનાં બાએ એમને દીકરા તરીકે ગણ્યા અને અન્ય દીકરાઓ કરતાં ઉંમરમાં મોટા હોવાથી 'મોટા' નામે સંબોધ્યા. આમ 'ચૂનિયા'માંથી ચૂનીલાલ ભગત' બનેલા એવા 'શ્રીમોટા'ના હુલામણા નામે ગુજરાતમાં પ્રખ્યાત થયા.

### રોગગ્રસ્ત શરીર – સામાજિક કાર્યો

આશ્રમની સ્થાપના બાદ એમણે સમાજને બેઠો કરવા કેટલાંક કાર્યો હાથમાં લીધાં. અને સંકલ્પ પૂરો થતાં એ પ્રવૃત્તિઓને પણ આટોપી લીધી. આ પ્રવૃત્તિઓ કરતાં કરતાં, અને નિમિત્તસ્વરૂપે તાદાત્મ્ય ભાવથી અનેક રોગો પોતે અપનાવી લેતાં એમનું શરીર અનેક રોગોનું ઘર બન્યું હતું. દમ તો એમનો જીવનસાથી હતો. સર્પદંશથી ગરમી સહન થઇ શકતી ન હતી. કમ્મરના મણકાનો (Spondilytis)નો રોગ હતો. એને લીધે પગ કામ કરતા બંધ થઈ ગયા હતા. આંખે ઝામરનાં પાણી, શરીરે ખજવાળની એલર્જી, હાઈબ્લડ પ્રેશર. ડાયાબીટીસ, પ્રોસ્ટેટ ગ્લેન્ડ, વર્ષો સુધીની રાતભર જાગીને કરેલી સાધનાને કારણે રાતે ઊંઘ જ ન આવવી, આ અનેક દર્દોથી ઘેરાયેલા શરીરને કારણે એમને થયું કે આ શરીર હવે સમાજના કોઈપણ કામ માટે ખપમાં આવી શકે એમ નથી. એટલે એનો ત્યાગ કરવો. શારીરિક અશક્તિને પરિણામે ગુરુપૂર્ણિમા દર વર્ષે દક્ષિણ ભારતમાં ઉજવતા તે ઈ.સ. ૧૯૭૬ના જુલાઈમાં ન જઈ શકાયું. એમની મૂળ ઈચ્છા તો ગુરુપૂર્ણિમા પર જ દેહ છોડવાની હતી. પણ ભારે વરસાદને કારણે ઠેરઠેર રસ્તા બંધ હોવાથી ધારેલા સ્થળે જઈ ન શક્યા એથી મોકુફ રાખ્યું. જુલાઈની ૧૬મી તારીખે પ્રોસ્ટેટનું દર્દ વધુ ઉગ્ર બન્યું. ૩૬ કલાક સુધી પેશાબ ન થયો. ડૉકટરે કેથેટર મૂક્યું. અને ૨૪ કલાકમાં ૨ાાથી ૩ લિટર જેટલો પેશાબ થયો.

### ઈચ્છામૃત્યુ

તા.૧૯મી જુલાઈએ એમણે લેટરહેડમાં ચિઠ્ઠી લખી અને એક પ્રકારનું વસિયતનામું લખ્યું. તેમાં જણાવ્યું **'મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગ મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે. તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.'**

**'મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ મૃત્યુ સ્થળની નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગા કરવા નહિ. તેમ મારા સેવકોને હું ફરમાવું છું. મારા અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.'**

તા. ૨૨મીએ એલેમ્બિક, વડોદરાના માલિક શ્રી રમણભાઈ અમીનના ફાઝલપુરના બંગલે જવાનો કાર્યક્રમ હતો. ત્યાં ગયા બાદ સવારે રમણભાઈ પાસે ત્યાં દેહ છોડવાની મંજૂરી મેળવી. શ્રી રમણભાઈ ઓફિસે ગયેલા ત્યાંથી ૩ વાગ્યે ફોન કરીને બોલાવ્યા ત્યારે જ ખબર પડી કે મોટા તે દિવસે જ દેહ છોડવા ધારે છે. ૪ વાગ્યે ઓરડામાં પથારીમાં ચત્તા સૂઈ જઈ હાજર છ વ્યક્તિઓને નામસ્મરણ કરવા કહ્યું. અને પોતે શરીરના તમામ કેન્દ્રોમાંથી પ્રાણને ખેંચી લીધો અને ૨૩મી જુલાઈ રાત્રે ૧.૨૫ વાગ્યે દેહ છોડયો.

### અંતિમ આદેશ

કેવું ભવ્યમૃત્યુ ! પોતાની ઈચ્છા અનુસાર મૃત્યુને બોલાવનાર મુક્તપુરુષો કેવા વિરલ હોય છે ! ન તો કોઈ સ્પૃહા, ન કોઈ આશ્રમની પણ આસકિત, નામની પણ ખેવના નહિ. આથી જ પેલા વસિયતનામામાં જણાવ્યું હતું કે, **'મારા નામનું ઈંટ-ચૂનાનું સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાંભંડોળ ભેગું થાય તેનો ઉપયોગ (પ્રાથમિક) શાળાના ઓરડા બાંધવામાં કરવો.'**

આજે હરિઃૐ આશ્રમે એમના આ અંતિમ આદેશનો અમલ કરવાનું-એક માત્ર સામાજિક કાર્યક્રમ તરીકે શાળાના ઓરડાઓ બંધાવવાનું-કામ હાથ પર લીધું છે.

*(પૂજ્ય શ્રીમોટાનો ૮૩મો જન્મદિન મિલન સમારંભ સ્મરણિકા પુસ્તકના પૃ. ૨ થી ૭)*

# ૬. અનુભવીની લાક્ષણિકતા : સભાન જન્મ અને સભાન મૃત્યુ - કાર્તિકેય અ. ભટ્ટ

(લેખકને બે-ત્રણ દિવસ બાદ જ પ્રોસ્ટેટ કેન્સરનું ઓપરેશન કરાવવાનું હોવા છતાં વિનંતી સ્વીકારીને તેઓએ આ લેખ તે જ રાત્રે લખ્યો. - માનદ્ તંત્રી)

ટોચના બૌદ્ધિક અને પરમજ્ઞાની, પૂજ્ય શ્રીમોટા સાથે જેમનું વખતોવખત મિલન થતું તથા અધ્યાત્મ સંબંધી ચર્ચા થતી એવા શ્રી વિમલાબેન ઠકારે વીસમી સદીના પૂર્વાર્ધમાં થયેલી ત્રણ બાબતોને – શોધોને અસાધારણ અને અપૂર્વ ગણાવી હતી. જેમાં મહાત્મા ગાંધીની અહિંસક ચળવળ, મહર્ષિ શ્રી અરવિંદનો સુપ્રામેન્ટલ યોગ અને શ્રી એસ. એન. તાવરિયાજીની શ્રી એસ. આર. બી.ની શોધ. જેમાં બે બાબતોનો સમાવેશ થાય છે. રિફાઈનિંગ એક્સરસાઈઝ અને રિધેમેટિક બ્રીધિંગ. આ શોધના પ્રણેતા શ્રી તાવરિયાજીએ Conscious Birth અને Conscious Deathની વાત કરી છે. બીજા શબ્દોમાં સભાન જન્મ અને સભાન મૃત્યુ. શ્રીમોટાના ભક્તો અને વાચકોને થશે કે શ્રીમોટા વિશેના લેખમાં આ વાત કેમ રજૂ કરાય છે ? તો એનો જવાબ છે શ્રીમોટાએ એમની સાધના દ્વારા પૂર્ણત્વને ઉપલબ્ધ કરીને સભાન મૃત્યુ અને સભાન જન્મને સિદ્ધ કર્યું હતું. શ્રીમોટાની આ ઉપલબ્ધિને સમજાવવા માટે શ્રીમોટાની કૃપાથી અત્રે પ્રયાસ કરું છું.

● શ્રીમોટાને જીવવાની કે મરવાની તે બેમાંથી એકપણ મરજી ન હતી. બંને એમને માટે આવકાર્ય અને સ્વીકાર્ય હતાં. પરંતુ શ્રીમોટાના ગુરુમહારાજનો આદેશ હતો કે, જ્યારે શરીર સમાજના ખપમાં ન આવે ત્યારે તેને છોડી દેવું. ઍલમ્બિક કંપનીવાળા શ્રી રમણભાઈ અમીન (ફાજલપુર, વડોદરા)ને ત્યાં શ્રીમોટા સ્વેચ્છાએ પોતાનો દેહત્યાગ કરવા ગયા. તારીખ ૧૯ જુલાઈ, ૧૯૭૬ના રોજ એક પત્રમાં શ્રીમોટાએ લખ્યું, "....મારી રાજી-ખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે... "તારીખ ૨૨ જુલાઈ, ૧૯૭૬ના રોજ રાત્રે ૧:૨૫ કલાકે એટલે કે તારીખ ૨૩, જુલાઈના રોજ શ્રીમોટાએ સ્વેચ્છાએ દેહત્યાગ કર્યો. આ વાત થઈ સિદ્ધ પુરુષના સભાન મૃત્યુની."

● અર્થશાસ્ત્રના સાહિત્યમાં રાષ્ટ્રને વિકાસોન્મુખ કરવા માટે સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી રોજગારીને મહત્ત્વ અપાયું છે. શ્રીમોટાએ આના કરતાં પણ ઘણા ઊંચા ધ્યેયની વાત કરી છે. શ્રીમોટા એમ માનતા કે સમાજને બેઠો કરવા માટે અને રાષ્ટ્રને વિકાસોન્મુખ કરવા માટે સ્ત્રીઓનાં ઉત્થાન અને કેળવણી માટેનો આગ્રહ રાખવો જોઈએ. પરંતુ જો સાહસ અને શૌર્યવાળી સ્ત્રીઓ તૈયાર થાય તો રાષ્ટ્રની ઉન્નતિનું કાર્ય સરળ બની શકે. આથી શ્રીમોટાએ હવે પછીનો જન્મ સ્ત્રી તરીકેનો લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પોતાનો બીજો જન્મ લેવા વિષે શ્રીમોટાએ એમ કહ્યું હતું કે તેમને બીજો જન્મ લેતાં સમય લાગશે, કારણ કે આ જન્મે જે કેટલાક એમના સમાગમમાં આવ્યા છે. તેમને સાથે લઈને આવવું છે. આથી આ જન્મે તેમનું પ્રારબ્ધ પૂરું ન થાય ત્યાં સુધી શ્રીમોટાએ રાહ જોવી પડશે. શ્રીમોટાના શબ્દોમાં, "હું ફરી જન્મવાનો પણ તેની વાર લાગશે... કારણ કે કે જે જે જીવોનો સમાગમ મારે જોઈએ તે બધા જીવો હું જન્મું ત્યારે હાજર હોવા જોઈએ. ત્યાં સુધી I shall have to wait." આથી આ વાત થઈ શ્રીમોટાના સભાન જન્મની. આમ, સભાન જન્મ અને સભાન મૃત્યુ એ સિદ્ધપુરુષનું કે, ધ્યાની પુરુષનું લક્ષણ છે. જેને શ્રીમોટા 'અનુભવી' તરીકે પણ વર્ણવે છે.

આત્મોપલબ્ધ, અનુભવી પુરુષ માટે શ્રીમોટા કહે છે, ‘‘અનુભવીને પરાપૂર્વનું જ્ઞાન થયા કરતું હોય છે.’’ હવે આપણે જાણીએ છીએ કે શ્રીમોટાએ હરિભાઈ (કુંભકોણમ્) વિશે જે કહ્યું હતું એનો અર્થ એ કે શ્રીમોટાને પરાપૂર્વનું જ્ઞાન હતું. આપણે સૌ જાણીએ છીએ કે શ્રીમોટાએ સમયમાં જઈને એ જાણી લીધું હતું કે એમના માનો પુનર્જન્મ ક્યાં થયાં છે તથા ત્યાં જઈને માને ખોળામાં લઈને રમાડી આશીર્વાદ આપી આવ્યા હતાં. શ્રીમોટાએ મોટા ચરણેના રચયિતા શ્રી એ. જી. ભટ્ટ સાહેબ સાથે આ સત્સંગ વાર્તાલાપમાં અનુભવી વિશે વાત કરી હતી એને શ્રી ભટ્ટસાહેબ પોતાના શબ્દોમાં રજૂ કરતાં લખે છે, ‘‘આવો અનુભવી નિમિત્ત દ્વારા પોતાની કામગીરી બજાવે છે. જેમ ચેતન સર્વત્ર ફેલાયેલું છે તેમ અનુભવી જુદા જુદા જીવોમાં નિમિત્ત દ્વારા ફેલાય છે. અનુભવી સકળ બ્રહ્માંડમાં ફેલાયેલો હોતો નથી, પરંતુ જ્યાં જ્યાં નિમિત્ત મળે છે ત્યાં ત્યાં અનુભવી કાર્ય કરે છે. જે જે વ્યક્તિઓ નિમિત્તના કર્મ સાથે સંકળાયેલી છે ત્યાં ત્યાં અનુભવી રહેલો છે.’’ આમ છતાં શ્રીમોટાએ કરેલી વાત અત્રે નોંધવા યોગ્ય છે, ‘‘જે જીવાત્મા અનુભવીને ઊંડો હાર્દિક સહકાર આપે છે તેને જ અનુભવીના નિમિત્ત-કર્મની પ્રતીતિ થાય છે.’’

અંતે શ્રીમોટાના આ શબ્દો સાથે વિરમીશું, ‘‘કૃપા કરીને ઊઠો ! જાગ્રત બનો ! અને જાગીને ટટ્ટાર થાઓ ! અને ટટ્ટાર થઈને કટિબદ્ધ થઈ વિચાર, વૃત્તિ અને વલણની સામે ભારેમાં ભારે સંગ્રામ પ્રગટાવો.’’

—

## ‘સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા’
### (પુસ્તકનું ઓડિયો રૂપાંતરણ)

આપ સૌ સ્વજનોને જણાવતાં આનંદ થાય છે કે, નરોડા મુકામે પૂજ્યશ્રીના જન્મોત્સવ પ્રસંગે હર્ષદ શાહ દ્વારા લખાયેલ અને શ્રી ગૌતમભાઈ પટેલ પ્રમુખશ્રી, હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા વિમોચન કરવામાં આવેલ ‘સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા’ નામના પુસ્તકને અત્યંત સુંદર આવકાર મળતાં સ્વયં હર્ષદ શાહના અવાજમાં જ તે સંપૂર્ણ પુસ્તકનું ૧૯ વિભાગોમાં ઓડિયો રૂપાંતરણ કરી YouTube પર એક પછી એક વિભાગને દર શનિવારે પ્રસ્તુત કરવાનું શરૂ કરેલ છે. તો તેનો દરેક સ્વજનોએ લાભ લેવો.

YouTube પર ‘Nadiad - Harshad Shah’ ટાઈપ કરી OK કરવાથી શ્રવણ કરી શકાશે. ઑગસ્ટ માસના અંત સુધીમાં કુલ ૬ એપીસોડનું પ્રસ્તુતિકરણ થઈ ગયેલ છે અને બીજા બાકી રહેલા ૧૩ એપીસોડ્સ વારાફરતી દર શનિવારે કે રવિવારે પ્રસ્તુત કરવામાં આવશે.

**(હાલ USA)** **– હર્ષદ શાહ, નડિયાદ**

## ‘હરિઃૐ ગુંજન’ને ભેટ

| | | |
|---|---|---|
| (૧) | રોહિત પટેલ, પૂના (મહારાષ્ટ્ર) | રૂ. ૧,૦૦૦/- |
| (૨) | ઈન્દ્રવદન એમ. પટેલ, ભીવંડી (મહારાષ્ટ્ર) | રૂ. ૫૦૦/- |
| (૩) | જેઠાભાઈ ભીમજીભાઈ પટેલ, ભીવંડી (મહારાષ્ટ્ર) | રૂ. ૫૦૦/- |
| (૩) | મૃદુલાબેન એમ. મુખી, અમદાવાદ | રૂ. ૫૦૦/- |

**ઉપરોક્ત સર્વે સ્વજનોના અમે આભારી છીએ.**

## ૭. પૂજ્ય શ્રીમોટા સાથે વાર્તાલાપ - સંપાદક : રતિલાલ મહેતા

(**નોંધ :** પૂજ્ય શ્રીમોટા સાથે લેખકને મુંબઈમાં અવારનવાર જે પ્રશ્નોત્તરી થતી તે તેમણે નોંધી રાખેલી છે. તેમાંથી નીચેનો ભાગ અહીં રજૂ કર્યો છે.)

**પ્રશ્ન :** મોટા, આશ્રમનો અધિષ્ઠાતા, મહાત્મા ચાલ્યો જાય પછી તેમના શિષ્યો કોઈ ને કોઈ કારણસર અંદરોઅંદર ઝઘડતા હોય છે ને ઘણી વાર આશ્રમ વગોવાઈ જાય છે કે સરકારના હાથમાં જતો રહે છે. તેનું શું કારણ હશે ?

**શ્રીમોટા :** ટૂંકમાં કહું તો એ 'શિષ્યો' કહેવાના શિષ્યો છે. એમને માટે 'શિષ્ય' શબ્દ વાપરવો અર્થહીન છે. તેમણે તેમની પ્રકૃતિ સુધારી નથી, એ મોટું કારણ છે.

**પ્રશ્ન :** સદ્‌ગુરુ ધારે તો શિષ્યોને તારે, પણ ઘણીવાર જોવામાં આવે છે કે સદ્‌ગુરુની હયાતીમાં ઝાઝું નહીં, પણ તેના શરીરના પડ્યા પછી પેલા શિષ્યો માંહોમાંહે વધુ લડતા હોય છે ને તેમનો જીવનવિકાસ અટકી જાય છે તેનું શું...?

**શ્રીમોટા :** પહેલો પ્રશ્ન પૂછ્યો એના જેવો જ આ પ્રશ્ન છે. છતાં તમારી સમજણ માટે જરા લંબાણથી કહું. શિષ્યોને ગુરુ પ્રત્યે ઓછોવત્તો પણ પ્રેમ હોય છે છતાં તેમની એકબીજાની વચ્ચે પૂરતો સુમેળ હોતો નથી. તેનું કારણ માનસશાસ્ત્રીય છે. શિષ્યો સદ્‌ગુરુના પ્રતાપે ભગવાન તરફ થોડું ઘણુંય વળવા લાગે છે ત્યારે તેમના સ્વભાવમાં રહેલાં નકારાત્મક તત્ત્વો ઉપર તરી આવે છે. પણ ગુરુની હાજરીને લીધે તેઓમાં રહેલાં ઈર્ષ્યા, અહમ્ એકદમ જોર કરતાં નથી. **ગુરુનો દેહ ના હોય ત્યારે એ નકારાત્મક તત્ત્વો એકદમ જોર કરીને ઉપર તરી આવે છે ને તેના પર હુમલો કરે છે. જે શિષ્યો પોતાનાં આવાં તત્ત્વોને સમજી સમજીને પોતાની પ્રકૃત્તિનું રૂપાંતર કરવા ખરેખરા પ્રયત્નશીલ હશે તેમને આત્મવિકાસ માટે વાંધો નહીં આવે, પણ જેઓ ગુરુના ગયા પછી માંહોમાંહે માલિકીની વૃત્તિ, અહમ્‌નું જોર વગેરે પ્રગટાવે ને તકરારો કરે ત્યારે તેમના માટે 'થઈ રહ્યું', એમ સમજવું.**

**પ્રશ્ન :** તો પછી સંસારીઓ અને તેના શિષ્યો વચ્ચે ફેર ખરો ?

**શ્રીમોટા :** સાચી વાત, બહારના સંસારી લોકો જેટલા ઝઘડતા નહીં હોય તેનાથી વધારે પ્રમાણમાં આ લોકો, કહેવાતા ભક્તો માંહોમાંહે ઝઘડતા હોય છે અને **તે કારણે આવા ભક્તો સંસારી લોકો કરતાં પણ નીચા છે, એવું માનવાને ઈતરજનો દોરાય છે.**

**પ્રશ્ન :** તો એવા શિષ્યો માટે કોઈ ઉપાય ખરો ?

**શ્રીમોટા :** એ શિષ્યો થોડેઘણે અંશે ભગવાન તરફ વળેલા હોય છે એટલે કાળક્રમે તે પોતાના સ્વભાવને વધારે ઊંડી રીતે પારખતા થશે. જો તે વધુ જાગૃત હશે તો અને બધાંમાં સુમેળ પ્રસરાવશે તો બીજાની ભૂલો જોવાને બદલે પોતાની ભૂલ ક્યાં છે એ જ જોવા મથ્યા કરશે. આમ તે આંતરમંથન, આંતરનિરીક્ષણ કરતા રહેશે, 'જીવનવિકાસ' એ એક જ હેતુ છે, એવું તે ઠસાવ્યાં કરશે, કરતા રહેશે અને સ્વાર્થ, માલિકીની ભાવના, હુંપણાની વૃત્તિ, ઈર્ષ્યા વગેરેને સમજીને પાછળ ઠેલતા રહેશે તો તેમના વિકાસ માટે સારી તકો છે. બાકી આખું જીવન સદ્‌ગુરુ પાસે રહીને વિતાવ્યા છતાં તે ઠેરના ઠેર પડી રહ્યાના દાખલા નથી જોયા ? અને આવા શિષ્યોને કારણે જ આશ્રમનો અધિષ્ઠાતા ગયા પછી આશ્રમ રફેદફે થઈ જાય છે, એ હકીક્ત છે.

**પ્રશ્ન :** આપના ગયા પછી આપણો આશ્રમ કેવો ચાલશે, પ્રભુ ?

**શ્રીમોટા :** સરસ ચાલશે. પણ, નામ તેનો નાશ એની ખબર છે ને ? કશું કાયમ રહેવા સર્જાયું નથી.

*('હરિવાણી', ૧૫-૩-૧૯૮૩, પૃ. પાંચમાંથી સાભાર)*

## ૮. પતિ-પત્નીનો દિવ્ય સંબંધ

- ગોપાળ

('ગોપાળ' ઉપનામથી લખતા લેખક પૂજ્યશ્રી સાથે સારી રીતે સંકળાયેલા છે.)

આદિ પરમહંસોથી માંડીને આજના મુક્તોનાં જીવન જોતાં સ્ત્રી-જાતિ માટે પક્ષપાત હોય તેમ વર્તતા તેઓ જોવામાં આવે છે. પૂજ્ય મોટાના જીવનમાં એ પ્રત્યક્ષ જોવા મળે છે. તેમણે બહેનો અને માતાઓ માટે કરેલું સેવાકાર્ય ઉપલકપણે જાણવા છતાં સ્થૂળ અને સૂક્ષ્મ રીતે તેમણે ભજવેલા ભાગની ઘણાને ખબર નથી. મનમેળના અભાવે વિખૂટાં પડેલાં પતિ-પત્ની વચ્ચે પુનઃ પ્રેમ પ્રગટાવવાનું જટિલ કામ તેમણે સફળતાથી કર્યું છે. સાધુ બની ગયેલાને સ્પષ્ટ સંભળાવી દીધું છે કે જે સંસારથી ભાગી છૂટવા માગે છે તે સાધના શું કરી શકવાનો હતો ? એમ કહીને ફરીથી તેમને સંસારનો સ્વીકાર કરાવડાવ્યો છે. પૂજ્યશ્રીએ એ બેનનું ભાવિ જોઈ લીધું હશે એટલે તેને ફરીથી અભ્યાસ ચાલુ કરાવી ઉત્તેજન આપ્યું. થોડા કાળ બાદ તે બેન વિધવા બને છે. આજે એ શિક્ષિકા તરીકે કામ કરી ગૌરવભેર પોતાનું ગુજરાન ચલાવે છે.

પતિ-પત્ની વચ્ચે ક્લેશભર્યાં જીવનમાં શાંતિ ને સુમેળ સ્થાપવાના પૂજ્યશ્રીના પ્રયાસો હંમેશા સફળ થાય એવું ના પણ બને. કોઈ પુરુષ પૂજ્યશ્રી પ્રત્યે ભાવ ધરાવતો હોવા છતાં પ્રકૃતિવશાત્ નિમ્ન પ્રકારના જીવનમાં ફંગોળાઈ ગયો હોય અને ગુરુ માટે 'પ્રવેશવાનું' પોતાનું હૃદય-દ્વાર તેણે બંધ કરી દીધું હોય ત્યારે તેની પત્ની પૂજ્યશ્રી પ્રત્યે અન્યથા વિચાર ધરાવતાં એવા બળાપો કરે કે, "મારો પતિ મોટા માટે આટલું કરે છે તો પણ તેઓશ્રી અમારો સંસાર સુખના પાટા પર કેમ ચડાવી દેતા નથી ?" આ કિસ્સામાં સત્યતઃ એ દંપતીનું એક જણ પણ પૂજ્યશ્રીની સલાહ માનવાની તૈયારી જ બતાવતા ના હોય તો તેમની ચેતના કશું કરી શકે નહિ. આમ છતાં તેઓશ્રી તેવાં જોડાંના બન્ને ભાગીદારોને કદી અવગણતા હોતા નથી, બલકે જે 'પડેલાં' છે 'ખોવાયેલાં' છે તેને તેઓ વધુ ચાહતા હોય છે.

પૂજ્યશ્રી ચીલા તોડનારા, ઉદ્દામવાદી સુધારક છે. બહેનો સાહસિક, પુરુષસમોવડી, સુસંસ્કૃતને સ્વતંત્ર બને તેવું તેઓ ઈચ્છે અને તેવું સક્રિયપણે કર્યું પણ છે. આમ છતાં તેઓ સ્વછંદી બને એમ ઈચ્છતા નથી. પરિણીત જીવનમાં બેમાંથી કોઈ અસહિષ્ણુ બને એમ જરા પણ સહન કરી શકતા નથી.

**જો કોઈ પતિ તેની પત્ની પર જુલમ ગુજારતો હોય તો તેને તેઓશ્રી પ્રેમથી સહન કરીને પતિનો પ્રેમ જીતી લેવા પ્રયાસ કરવાનું શીખવે છે, છૂટા થવાનું હરગીજ નહિ.** તેમનું આ વલણ સમાજસુધારકોના વલણથી તદ્દન ઊલટું છે. કારણ કે તેઓ તો જીવનના સર્વ પ્રસંગોને, કર્મોને, પરિસ્થિતિ અને સંજોગોને જીવનવિકાસના દ્યોતક તરીકે અપનાવી લેવાનું શીખવતા હોય છે. **તેમનું અંતિમ ઉચ્ચતમ લક્ષ આધ્યાત્મિક જીવનવિકાસ છે, ઐહિક નહિ.**

પતિ-પત્નીના સંબંધને તેઓશ્રી 'દિવ્ય સંબંધ' લેખે છે, કેમ કે "એમાંથી દૈવી સર્જન થઈ શકે. પરંતુ આપણા સમાજમાં પતિ-પત્નીના જીવનની આવી દિવ્યકલ્પના ભાગ્યે જ કોઈ જોડું સમજતું હશે."

સંસારમાં પતિ-પત્નીના કકળાટોનું મુખ્ય કારણ પોતપોતાની પ્રકૃતિની પરવશતા છે; પૂજ્યશ્રી તે સંબંધમાં આબાદ પૃથક્કરણ કરતાં લખે છે કે, "બધાં જ પોતપોતાની વાત વ્યક્ત કરવાને એક યા બીજી રીતે મથે છે, પણ તે પોતાના સ્વભાવને કે પ્રકૃતિને વશવર્તીને, નહિ કે એની ઉપરવટ થઈને.' 'જેમ પૂજ્યશ્રી પત્નીને પતિનું જેતે બધું સારું નરસું સહર્ષ

સ્વીકારી લેવાનું સૂચવે છે. તેમ પતિને પણ એની પવિત્ર ફરજ અદા કરવાનું સમજાવે છે. **ગમે તેવી પત્ની હોય પણ તેના પરત્વે માતૃત્વની ભાવના વિકસાવો એમ તેઓશ્રી કહે છે. અને આવો ભાવ પત્ની વિષે પતિમાં જાગે ત્યારે માલિકીપણાની ભાવના આપોઆપ ઓગળી જતાં અનંત સુખ મળે.** આવો આદર્શ જીવનવ્યવહારમાં મૂકવાની સલાહ પૂજ્યશ્રીએ એક કિસ્સામાં આપેલી તે યાદ આવે છે. એક આધેડવયના સરકારી અધિકરીને યુવાન પત્ની અને સંતાનો હતાં. દરમ્યાનમાં પત્ની એક નવયુવાનમાં આસક્ત થઈ અને છૂટાછેડા લેવાની હદ સુધી તૈયારી થઈ ગઈ. ત્યારે એ ભાઈ પૂજ્યશ્રીની સલાહ લેવા આવ્યા. તેમણે સલાહ આપી કે, ''તમારી પત્નીને છૂટો દોર આપી દો તેના માર્ગની આડે આવશો નહિ. અને તે થાકી જાય અને તમારી પાસે પાછી આવવા માગે તો તેને પ્રેમથી સ્વીકારજો.''

આ ઉપરથી આપણાં પુરાણોમાંનું એ દૃષ્ટાંત યાદ આવે છે એક પતિ ચાલી શકવાને તદ્દન અસમર્થ હોવા છતાં પરદારામાં આસક્ત હતો. તેથી તેના એવા સુખ માટે પણ તેની પત્ની પોતાના પતિને ટોપલામાં બેસાડી પોતાના માથે મૂકીને પરદારાને ત્યાં લઈ જાય છે ! જો કે આવા પતિ-પત્ની અપવાદ રૂપે જોવા મળે છતાં **ત્યાગાત્ શાન્તિ અનન્તરમ્** એ સત્ય છે. ત્યારે પૂજ્યશ્રી મોટાના આ અંગેના વિચારો કેટલા બધા સુખકર, જીવનપોષક અને જીવનવિકાસને દ્યોતક છે, એ પુરવાર થાય છે.

આમ પૂજ્યશ્રીનો હેતુ જે જે સ્વજનોમાં ભેદ હોય ત્યાં અભેદ પ્રગટાવવાનો છે, પણ સ્વજનો તેમનાં હૃદયદ્વાર બંધ કરી દે તો પૂજ્યશ્રીની શક્તિ શી રીતે કામ કરી શકે ? તેઓશ્રી કહે છે, **''પતિ-પત્નીના જીવન બે નથી એક છે - જેમ ગુરુ શિષ્યના જીવન એક છે. તેમ...** તમે જેટલા આનંદથી તેનામાં એક થશો તેટલા તમારા જીવનસાથી તમારામાં એક થવાના છે... પણ આપણી લાલસાઓ, માની લીધેલી જીવનની સમજણો, માન્યતાઓને આપણા બધાંનો જડ સ્વભાવ તે સામે બળવો કરે છે ને આપણને ઉદ્વેગ કરાવે છે.''

*('જીવન સ્ફુલિંગ', પ્ર.આ., પૃ. ૧૨૭-૧૨૮)*

## ભગવાનનું નામ લઈ છેતરનારા કરતાં નાસ્તિક વધુ સારા છે

આ મારું તો જોઈએ તેટલાયે ખૂન કર્યું છે. ભયંકરમાં ભયંકર રીતે. તોય હું એમને ચાહ્યાં કરું છું. અલ્યા પણ વગર લેવેદેવે મેં તમને કશું કર્યું નથી. તમારા બોલાવ્યે આવ્યો છું. મારી મેળે પધાર્યો નથી તમારે ઘેર કે આવો માબાપ, મને રોટલા આપો, પૈસા આપો. તમે બોલાવ્યો છે તો માળા હાળા મારું ખૂન શું કામ કરો છો ? ત્યારે પછી શી રીતે થાય ? બને ? હું તો જોઉં છું કે આ સંસારમાં કોઈને ભગવાનની પડી જ નથી. બિલકુલ ભગવાનની પડી નથી. અમસ્તા ભગવાનને છેતરે છે. બીજું બધું કરવું હોય તો કરો. પણ આ ભગવાનને છેતરો નહિ. અમસ્તા મૌખિક રીતે કે અમસ્તી રીતે ભગવાનનું નામ છોડી દો. એ વધારે રાજી છે. આપણાં કરતાં વધારે જે ભગવાનને નાસ્તિક છે — ભગવાનને માનતો નથી કે સાલા, હમ્બગ છે, એ વધારે સારો છે. હું એને સ્વીકારું છું. પણ ભગવાનનું નામ લેવાવાળા લખ્યું છે :

**બહુ બહુ કામનાવાળા, બહુ લોલુપતાવાળા,**
**હરિ ભજવા શું નીકળ્યા ! હરિનું નામ લજવે છે.**

મેં લખ્યું છે. કોક ઠેકાણે ભજનમાં લખ્યું છે. તે આ હું તમને અનુભવથી કહું છું. આ અમસ્તા ગપ્પાં મારતો નથી.

*('મોટાવાણી-૫', દ્વિ.આ., પૃ. ૩૧)*

**પક્ષી પુરાયું પ્રભુ ! પાંજરામાં, સ્વ-રૂપ તે પિંજરને ગણે આ;**
**સર્વત્ર તે વ્યાપક નિત્યમુક્ત, તોયે ન જાણે નિજ એ સ્વ-રૂપ. ૨૯**

**[હે] પ્રભુ ! [આ] પક્ષી પાંજરામાં [= દેહમાં] પુરાયું [છે.] [પણ] તે આ પિંજરને સ્વ-રૂપ [પોતાનું સાચું સ્વરૂપ] ગણે [છે.] [વાસ્તવમાં] તે સર્વત્ર વ્યાપક, નિત્યમુક્ત [આત્મા છે.] તોય એ નિજ સ્વ-રૂપ[ને] ન જાણે. [જાણતો નથી.]**

આ શ્લોકમાં ભટ્ટ સાહેબ એવો ભાવ વ્યક્ત કરે છે કે આત્મારૂપી પક્ષી શરીરરૂપી પાંજરામાં પુરાયું છે. તે અવિદ્યાને કારણે - અજ્ઞાનને કારણે - દેહાધ્યાસને કારણે - દેહબુદ્ધિને કારણે આ શરીરરૂપી પિંજરને જ આત્મા સમજે છે. આત્મા તે 'સર્વત્ર વ્યાપક અને નિત્યમુક્ત' છે. આમ છતાં તે પોતાના સ્વ-રૂપને સમજી શકતો નથી, જાણી શકતો નથી, અનુભવી શકતો નથી.

આ શ્લોકમાં મજાની વાત તો એ છે કે વ્યક્તિ જાણે છે કે પોતે શરીર નથી, પરંતુ નિત્ય, બુદ્ધ, શુદ્ધ, મુક્ત આત્મા છે. પરંતુ આ થઈ બુદ્ધિની વાત. 'હું બ્રહ્મ છું' એ બોલવાનું નથી, અનુભવવાનું છે. સાધકની આ સમસ્યાની- મર્યાદાની બહુ જ સુંદર સમજૂતી શ્રી રમણ મહર્ષિએ આપી છે : "હું શરીર છું એ ખ્યાલ અજ્ઞાન છે. [સાક્ષાત્કારની અવસ્થામાં] શરીર આત્માથી અલગ છે એ સમજ જ્ઞાન છે. એ જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેનો તફાવત છે. શરીર મનનું વિસ્તરણ છે, મન અહંકાર છે અને અહંકાર આત્મામાંથી ઉત્પન્ન થાય છે. તેથી 'હું શરીર છું' એ વિચાર વિક્ષેપ - અવરોધ છે, જે આત્માથી દૂર થાય છે. શરીર કે જન્મ કોને છે ? ચૈતન્યરૂપ આત્માને એ નથી. એ અનાત્માને છે જે પોતાને અલગ સમજે છે. જ્યાં સુધી અલગપણાનો ભાવ હશે ત્યાં સુધી ક્લેશદાયક વિચારો રહેશે. જો મૂલ સ્રોત [Original Source] ફરીથી પ્રાપ્ત થાય અને અલગપણાનો ખ્યાલ દૂર થાય તો શાંતિ છે."

મહર્ષિ આ વાતને વધારે સ્પષ્ટ કરવા માટે કેટલાંક ઉદાહરણો આપે છે : "ઊંચે ફેંકેલા પથ્થરનું શું થાય છે તે વિચારો. એ પોતાના મૂલને ત્યજે છે, ઊંચે જાય છે, નીચે આવવા પ્રયત્ન કરે છે અને એના મૂલને પ્રાપ્ત કરી વિશ્રાંતિ મેળવે ત્યાં સુધી સતત ગતિમાં રહે છે. એ રીતે સાગરનું જળ વરાળ બનીને ઊંચે જાય છે, વાદળ બનીને વાયુથી ગતિશીલ બને છે, પાણીરૂપે ઘનીભૂત થાય છે, વરસાદરૂપે વરસે છે અને વરસાદનું પાણી સમુદ્રમાં પહોંચી વિશ્રાંતિ મેળવે ત્યાં સુધી ઝરણાં કે નદીરૂપે પર્વતો પરથી નીચાણવાળી જમીનમાં વહેતું રહે છે." આમ તમે જોઈ શકો છો કે જ્યાં જ્યાં અલગપણાનો ભાવ છે ત્યાં ત્યાં વ્યાકુળતા અને ગતિ [Agitation and Movement] હોય છે. જે અલગપણાનો ભાવ દૂર થતાં સુધી રહે છે.

"તમારા વિશે પણ એવું જ છે. અત્યારે તમે તમારા પોતાના શરીર સાથે તાદાત્મ્ય કરો છો તેથી વિચારો છો કે તમે સાચા ચૈતન્યથી કે સાચા આત્માથી અલગ છો. આ ખોટું તાદાત્મ્ય જાય અને તમે સુખી બનો એ માટે તમારે તમારા મૂળ જન્મસ્થાનને અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ."

આ સાથે વિમલાબહેન ઠકારે કહેલી વાત પણ સ્મરણમાં રાખવા જેવી છે : "દેહમાં રહેવાનું છે તો દેહ સાથે અન્યાય નથી કરવાનો, દેહની ઉપેક્ષા નથી કરવાની, દેહથી, મનથી પલાયન નથી થવાનું. દેહને સમજીએ, મનને પણ સમજીએ, મનની બધી ચાલબાજીને પણ ઓળખીએ. 'હું દેહ છું' એવો અધ્યાસ છે તે છૂટવો જોઈએ, દેહ સાથે ચીટકેલા 'હું'પણાને ઉખેડીને આત્મા સાથે ચોંટાડી દેવાની જ યાત્રા છે."

•

**માયા સદા મોહિની વિશ્વમંચે નવાં નવાં નૃત્ય અનંત ખેલે;**
**ત્યાં મુગ્ધ થૈ હું નિજ ભાન ભૂલ્યો, મેલો કર્યો અંતરનો અરીસો. ૩૦**

**વિશ્વમંચે સદા મોહિની [= મોહમાં નાખનારી, આપણું પોતાનું સાચું સ્વરૂપ ભુલાવી દેનારી] માયા [રૂપી નર્તકી] નવાં નવાં અનંત નૃત્ય ખેલે [છે.] ત્યાં મુગ્ધ થૈ [ને] હું નિજ ભાન ભૂલ્યો. [આમ મેં] અંતરનો અરીસો મેલો કર્યો.**

**તેનું થવા માર્જન શક્તિ આપો, તેને થવા નિર્મળ ભક્તિ આપો;**
**છે બીજ અજ્ઞાન ભવાટવીનું, તે બાળવાને પ્રભુ ! અગ્નિ યાચું. ૩૧**

**તેનું માર્જન થવા [= તેને સ્વચ્છ કરવા] શક્તિ આપો; તેને નિર્મળ થવા [= કરવા] ભક્તિ આપો. અજ્ઞાન [= 'હું આત્મા છું' એવી અનુભૂતિ ન હોવી તે] ભવાટવીનું [સંસારરૂપી જંગલનું] બીજ છે; [હે] પ્રભુ ! તે[ને] બાળવાને [માટે] [હું] [જ્ઞાન] અગ્નિ યાચું [છું].**

આ શ્લોકમાં ભટ્ટ સાહેબ માયાની મોહિની ભક્ત-સાધકને કેવા ભૂલાવામાં નાંખી દે છે તેની વાત કરે છે. 'માયા અને માયાપતિ' નામના એક લેખમાં ભટ્ટ સાહેબ બ્રહ્માનંદના એક શ્લોકને ટાંકે છે, જેનો ભાવાર્થ છે : "હે પ્રભુ ! સાસારિક સંતાપની શાંતિ માટે મેં ગૃહ, કુટુંબ વગેરે સર્વનો ત્યાગ કર્યો પણ હજુ તારી માયા બીજું શું શું કરશે તે હું જાણતો નથી. માટે હે દીનબંધુ ! હવે તું જ મારું શરણ છે." આ માયા સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણોથી યુક્ત છે. અને તેનો પાર પામવો અત્યંત કઠિન છે. આ સમગ્ર જગત સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ભાવો-પદાર્થો દ્વારા મોહિત થયેલું હોવાથી તેનાથી પર અવિનાશી પરમાત્માને જાણતું નથી. ભગવાનની અલૌકિક માયારૂપી શક્તિ તેના [ભગવાનના] યથાર્થ સ્વરૂપને ઢાંકી દઈ જગતના નામરૂપાત્મક વિષયોમાં પ્રાણીઓના મનને મોહાંધ બનાવે છે. આથી ઘણાં ખરાં પ્રાણીઓને શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેમાં અહંબુદ્ધિ અને મમત્વબુદ્ધિ થાય છે. તેમજ સ્ત્રી, પુત્ર, ગૃહ વગેરે વિષયોને તે નિજનાં માને છે અને પોતાનું જે સાચું સચ્ચિદાનંદ સ્વરૂપ છે તેને ભૂલી જાય છે.

ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મની અથવા પરમાત્માની આ માયા અથવા અવિદ્યારૂપી શક્તિથી જે ન હોય તેવા પદાર્થો પ્રગટ થાય છે. જેમ જાદુગર તેની માયાશક્તિથી ન કલ્પી શકાય તેવી સૃષ્ટિ રચે છે તેમ પરમેશ્વર પણ તેની માયાથી આ સમગ્ર જગતનું સર્જન કરે છે. 'માયા અને માયાપતિ' નામના લેખમાં શ્રી ભટ્ટ સાહેબ લખે છે : "માયાના રજોગુણની વિક્ષેપશક્તિથી અનાદિ સંસારની પ્રવૃત્તિ ચાલી રહી છે અને રાગદ્વેષ, સુખદુઃખ વગેરે મનના નિત્ય અનુભવાતા સહજ ધર્મ પણ તે વિક્ષેપ શક્તિમાંથી ઉત્પન્ન થયેલા છે. કામ, ક્રોધ, લોભ, દંભ, અસૂયા, અહંકાર, ઈર્ષ્યા, મત્સર વગેરે મનના નિત્ય અનુભવાતા ભયાનક ધર્મ આ રજોગુણમાંથી ઉત્પન્ન થાય છે. આ રજોગુણ જીવને બંધનમાં નાંખે છે. તમોગુણ તેની આવરણ શક્તિ દ્વારા આત્માની અન્યથા - જે તેનું સ્વરૂપ છે તેનાથી વિપરીત પ્રકારે - પ્રતીતિ કરાવે છે."

ભટ્ટ સાહેબ લખે છે : "માત્ર સામાન્ય જીવદશાવાળા માણસો જ નહિ પરંતુ બુદ્ધિમાન, શાસ્ત્રજ્ઞ, વ્યવહારદક્ષ, શ્રુતિ અને સ્મૃતિનો અભ્યાસી હોવા છતાં પણ તમોગુણથી વ્યાપ્ત પુરુષ સ્વરૂપને, આત્માના યથાર્થ સ્વરૂપને જાણતો નથી. તે ભ્રાંતિથી આરોપિત મિથ્યા જગતને સત્-તા માને છે. આદિ શંકરાચાર્ય વિવેક ચૂડામણિમાં [શ્લોક ૧૨૪ અને ૧૨૫] માયા અને તેનાં કાર્યોનું અનિત્યત્વ, જડત્વ કે અસત્ત્વ જણાવતાં લખે છે : "શરીર, ઇન્દ્રિય, પ્રાણ, મન, અહંકાર અને વિકારો તથા વિષયોનાં અનિત્ય સુખ-દુઃખો, આકાશ, જળ, પૃથ્વી, અગ્નિ, મહત્તત્ત્વથી શરૂ કરી દેહ સુધીનું પ્રાણીપદાર્થોવાળું જે કંઈ જગત ઉત્પન્ન થયેલું છે તે સર્વ કંઈ અસત્ કે મિથ્યા છે. ઝાંઝવાના જળ જેવું ભ્રાંતિમય અને મિથ્યા છે, એવું જ્ઞાન પ્રાપ્ત કરી મુમુક્ષુએ ન તો અસત્ માયાના પ્રભાવ નીચે દબાવું જોઈએ કે ન તો મિથ્યા જગતના પદાર્થોમાં આસક્ત થવું જોઈએ."

૩૧મા શ્લોકમાં ભટ્ટ સાહેબ માયામાંથી મુક્ત થવા ગુરુદેવ પાસે શક્તિ માટે 'વિશુદ્ધભક્તિ'ની અભીપ્સા સેવે છે. 'તેનું થવા માર્જન શક્તિ આપો, તેને થવા નિર્મળ ભક્તિ આપો' આ માયાની સત્તામાંથી મુક્ત થવું હોય તો માયાપતિ - ઈશ્વરનું શરણું લેવું એ સીધો રાજમાર્ગ છે. એનું શરણું લેવાથી અનુગ્રહ થાય છે અને ત્રિગુણમયી માયાના પાશમાંથી મુક્ત થવાય છે. ભટ્ટ સાહેબે પ્રયોજેલ 'નિર્મળભક્તિ'નો અર્થ નિષ્કામ ભક્તિ કરી શકાય. અહીં અહંભાવનો ઉદય ન થતો હોવાથી માયાના બંધનમાંથી મુક્ત થવાનો તે ઉત્તમ ઉપાય છે. ભટ્ટ સાહેબે પ્રયોજેલ 'નિર્મળભક્તિ'ને સમજવામાં શ્રી અરવિંદ દ્વારા લિખિત 'ભક્તિયોગ' નામના પુસ્તકમાં શ્રી અરવિંદના અનન્ય ભક્ત શ્રી અંબાલાલ પુરાણીએ લખેલી પ્રસ્તાવનામાંથી નીચેનો ફકરો ટાંક્યો છે, તે મદદરૂપ થશે એવી આશા સાથે અત્રે રજૂ કરું છું :

'ભકિતના ભાવાવેશમાં પ્રાણ કે શરીરનો કાબૂ ગુમાવવો - નાચી ઊઠવું યા તો રુદન કરવું કે બૂમો પાડવી વગેરે કેટલાકને મન તો આદર્શ ભક્તિનાં લક્ષણો ગણાય છે. પરંતુ એ પણ સમજવાની જરૂર છે કે નાચે નહિ અથવા તો રુદન ન કરે તે ભક્ત નથી એમ માનવું બરાબર નથી. એવી વિશુદ્ધ ભક્તિ [નિર્મળ ભકિત] શક્ય છે જે સાધકના અંતરાત્માને-તેના એકેએક કરણને ભગવાનને સમર્પણ કરવાને પ્રેરે છે અને છતાં સાધકના આધારમાં તે એવી તો અપૂર્વ શાંતિ અને ગંભીર સમતાની સ્થાપના પણ કરી શકે છે કે જેને પરિણામે તીવ્રમાં તીવ્ર ભાવાવેશને, ઉગ્રમાં ઉગ્ર તપઃશક્તિને અને પ્રેમસાગરની અસાધારણ ભરતી કે રેલને પણ, મહાસાગર પોતાની માઝા વિના જેમ સર્વે જળસ્રોતોને પોતાનામાં સમાવે છે. એ ધારણસામર્થ્ય વિશુદ્ધ ભક્તિનું અતિ ઉપયોગી બળ છે, કેમ કે ભક્તિના પ્રેમાવેશને અસંબદ્ધ, અનિયંત્રિત, અસંવાદી રીતે પ્રકટ થતો તે અટકાવે છે અને એ રીતે અજ્ઞાનભરી પ્રાણમય ભૂમિકાની વૃત્તિઓના હાથમાં જઈ પડતાં તેને બચાવે છે, એટલું જ નહિ પરંતુ સાચી ભક્તિની ઉચ્ચતમ અનુભૂતિની જોડે જોડે ઉચ્ચતમ જ્ઞાનનો સાક્ષાત્કાર પણ તે શક્ય બનાવે છે. અને પ્રકૃતિના સૌથી નીચેના સ્તર - સ્થૂલ શરીર - સુધી દિવ્ય આનંદનું અમિશ્ર અવતરણ શક્ય બનાવે છે.''

આ માયામાંથી મુક્ત થવા માટે શાસ્ત્રો અને સંતોએ વિવિધ માર્ગો દર્શાવ્યા છે. કર્મ કરવા છતાં ફળ ન લાગે અને સંસાર પ્રાપ્ત ન થાય [Cycle of birth and rebirth] તે માટે નિષ્કામ ભાવે કર્મ કરવાનો માર્ગ, સાંખ્યનિષ્ઠાનો [હું પ્રકૃતિથી જુદો છું] માર્ગ વગેરે દર્શાવાય છે. શ્રી રમણ મહર્ષિએ વિગતે સમજૂતી આપતાં દર્શાવ્યું છે : ''પૂર્ણ બ્રહ્મના અપરોક્ષ [સાક્ષાત્] જ્ઞાનથી માયાનો નાશ થઈ શકે છે.'' અહીં મને પ્રખર બુદ્ધિશાળી અને પરમજ્ઞાની વિમલાબહેન ઠકારનો મત રજૂ કરવાનું મન થાય છે. તેઓ કહે છે : ''આ માયા વાસનાનું રૂપ લઈને અંદર બેઠી છે. એટલે માયાની જડ અંદર છે, ત્યાં જો તેને પ્રભુની વિભૂતિ બનાવી દો તો ! અને પ્રભુની ઉપાસના કરવાના રૂપે જો વિષયોનું સેવન થાય તો આખુંય જીવન વિષયોની વચ્ચે, માણસોની વચ્ચે રહેવા છતાં પણ એક પાવનકારી, નિર્મળ, મનોહારિણી કર્મગંગા, વાક્ગંગા, વિચારગંગા બની જાય છે... કાંઈ પણ ન છોડો, પકડો નહિ કાંઈ પણ - બસ આટલી રીત શીખી લો... પછી જુઓ જિંદગીની મજા કેવી આવે છે ! અહીં ફક્ત વાસનાની આહુતિ દેવાની છે. માયાની વચમાં ભલે બેસો - નદીની વચ્ચે નાવ ચાલે છે ને.! તેવું આપણું જીવન વિષયોની વચ્ચે પસાર થઈ જશે.''

વિશેષ સમજૂતી આપતાં શ્રી વિમલાબહેન કહે છે : ''દસ ઈન્દ્રિયો માટે ઉપભોગ કરવા જેવી વિષયોની અનંતતા છે એને જ માયા કહી રહ્યા છો ને ? હવે આ જે પદાર્થો છે એ પ્રભુની વિભૂતિ છે, એ પાવનકારી છે, મંગલકારી છે. વિષયોના રૂપથી આપણને સ્પર્શ કરવા માટે પરમકૃપાળુ પ્રભુ અવતર્યા છે એવો ભાવ કરો ને !''

માયા કે અવિદ્યાના અજ્ઞાનરૂપી બીજને બાળવા માટે- નષ્ટ કરવા માટે ભટ્ટ સાહેબ જ્ઞાનરૂપી અગ્નિની અભીપ્સા ગુરુદેવ સમક્ષ પ્રગટ કરે છે. *(ક્રમશઃ)*



## હરિઃૐ આશ્રમ, નડિયાદ - વર્ષ-૨૦૧૯ ઉત્સવ ઉજવણીની યાદી

- ૨૨-૦૯-૨૦૧૯ રવિવાર — **પૂ. શ્રીમોટાનો ૧૨૨મો અવતરણદિન** (ભાદરવા વદ ચોથ, તા. ૧૮-૯-૨૦૧૯)
  ઉત્સવના યજમાન સર્વેશ્રી દર્શિનીબેન જગતભાઈ કોન્ટ્રાક્ટર અને પલ્લવી પંકજભાઈ મિસ્ત્રી દ્વારા સંયુક્ત રીતે અમદાવાદ મુકામે ઉજવવામાં આવશે.
  **(વિગતવાર કાર્યક્રમ ટાઈટલ પેજ નં. ૨ ઉપર આપેલ છે.)**
- ૦૮-૧૦-૨૦૧૯ મંગળવાર — **વિજયાદશમી (દશેરા ઉત્સવ - ધજા આરોહણ)**
  સવારે ૮-૩૦ ધજા આરોહણ વિધિ
  સવારે ૧૦-૦૦ મહાપ્રસાદ
  **યજમાન : આશરા પરિવાર**
- ૨૭-૧૦-૨૦૧૯ રવિવાર — **ચોપડાપૂજન (શારદાપૂજન) દિવાળી**
  સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦
  નોંધ : જે સ્વજનોએ ચોપડા પૂજન માટે આપવાના હોય તેઓએ તા. ૨૬-૧૦-૨૦૧૯ સુધીમાં હરિઃૐ આશ્રમમાં મોકલાવી દેવા વિનંતી.
- ૨૮-૧૦-૨૦૧૯ સોમવાર — **નૂતન વર્ષાભિનંદન (બેસતું વર્ષ)**
  દર્શનનો સમય સવારે ૪-૦૦ કલાકથી સાંજે ૭-૦૦ સુધી

**નોંધ : સ્થળ સૂચિત કરવામાં આવેલ ન હોય તે ઉત્સવની ઉજવણી હરિઃૐ આશ્રમ, નડિયાદ/સોમાકાકાના ખેતરમાં કરવામાં આવશે.**

હરિઃ ૐ આશ્રમ નડિયાદ દ્વારા પ્રકાશિત હરિઃૐ ગુંજન મેગેઝિન નિઃશુલ્ક આપતા હતા તેના બદલે હવેથી ટ્રસ્ટીગણ દ્વારા લવાજમ નીચે મુજબ લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનો અંક દર બે માસે પાંચમી તારીખ સુધીમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની સર્વે સ્વજનોને જાણ સારુ તેમજ તેનું લવાજમ ત્વરીત મોકલી આપવા વિનંતી. જેથી આપનો અંક સમયસર મોકલી શકાય.

**લવાજમના દર**

| વાર્ષિક | પાંચ વર્ષ માટે | દસ વર્ષ માટે |
| --- | --- | --- |
| રૂ. ૬૦/- | રૂ. ૨૫૦/- | રૂ. ૪૦૦/- |

The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**

# અવતરણદિન મંગલાષ્ટક

આજે મંગલ ચોથના શુભ દિને કોટિ પ્રણામો તને,
'સો સો તું શરદો જીવો જગતમાં', એ પ્રાર્થીએ સૌ અમે,
કોટિ સૂર્ય સમા પ્રકાશદીપથી મુક્તિ સદેહે મળી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૧ ॥

તારા મંગલ જન્મથી બની ગયાં શાં ધન્ય માતાપિતા,
તારા ચેતન–જન્મથી સુરગણો આનંદભાગી બન્યા,
સ્વર્ગેથી સુરગંગ આજ તુજ શાં પાયો પખાળી રહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૨ ॥

પ્રીતિ પૂર્ણ પ્રભુ મહીં તવ રહી, ને ભાવ અદ્વૈતમાં,
સાક્ષાત્કાર કરી અનંત પ્રભુનાં તેં ગાન સુણાવિયાં,
તારી પૂર્ણ કૃપા વડે વહી રહી ધારા હરિનામની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૩ ॥

આત્માનંદ મહીં સદા વિચરતા, રહેતા છતાં અંગમાં,
અજ્ઞાતે રહીને તમે શિખવિયા આદર્શ મોંઘામૂલા,
કીર્તિ કે સ્તુતિની કરી ન પરવા, ના નામના તેં ચહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૪ ॥

મોચ્યાં પાપ અમાપ તેં અમ તણાં, વૃષ્ટિ કરી ભાવની,
તારી પ્રેમલ પાંખમાં સ્વજન સૌ પામ્યાં શીળી છાંયડી;
મીઠો સ્નેહ દીધો ધરિત્રી સમ તેં વાત્સલ્ય–મૂર્તિ બની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૫ ॥

સૌના દોષ અસંખ્ય ને અવગુણો ચિત્તે લીધા ના કદી,
સત્કર્મો કરવા તણી જીવનમાં તેં પ્રેરણા શી દીધી.
કસ્તુરી સમ મ્હેંકતી તુજ તણી સુવાસ ફેલાયેલી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૬ ॥

આજે મંગલપર્વને ઉજવવા સૌ પ્રેમી ભેગાં મળ્યાં,
ભાવોની શુભ અંજલિ સમર્પી સદ્‌ભાગ્યશાળી બન્યાં;
આત્માના પ્રતિબિંબની તુજ છબી આજે અલૌકિક શી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૭ ॥

હૈયાના મુજ હેતનું તિલક હો ને ભાવની દક્ષિણા,
અર્ચા હો મુજ સ્નેહની તવ પદે ને દિલની વંદના.
પુષ્પો મંગલ–ભાવના શુભ ગ્રહી ને ઉર તારે ગૂંથી,
માળા આ મુજ પ્રીતની ધરી રહું સ્વીકારજો પ્રેમથી ! ॥ ૮ ॥



**(BOOK-POST - Printed Matter)**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from 89, Payal Park, Near Star Bazar, Satellite, Ahmedabad-380015.
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL